પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૦૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૯-૧૨-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-


આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આજથી વિધાનસભા સત્રનો પ્રારંભ, ત્રણ દાવેદારમાંથી એક વિપક્ષ નેતા બની શકે છે



અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. ૯૦ દાયકા બાદ સૌથી ઓછી બેઠક કોંગ્રેસ પક્ષને મળી છે. ત્યારે આજથી વિધાનસભા સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. સોમવારે નવા ચૂંટાયેલા ધારાસભ્યનો શપથ સમારોહ બાદ એક દિવસીય વિધાનસભા સત્ર મળશે. વિધાનસભા સત્રમાં વિપક્ષ નેતા કોણ હશે સૌ કોઈ માટે ચર્ચાનો વિશેષ છે. મળેલી માહિતી મુજબ, વિપક્ષ નેતા માટે ૩ મુખ્ય દાવેદાર મનાઈ રહ્યા છે. પૂર્વ વિપક્ષ નેતા અને પૂર્વ પ્રમુખ તેમજ પોરબંદરના ધારાસભ્ય અર્જૂનભાઈ મોઢવાડિયા, પૂર્વ પ્રદેશ પ્રમુખ અને અંકલાવ ધારાસભ્ય અમિત ચાવડા અને પૂર્વ ઉપ નેતા વિધાનસભા તેમજ દાણીલીમડા ધારાસભ્ય શૈલેષ પરમાર આ ત્રણ મુખ્ય ચહેરાઓ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે.

વિપક્ષ નેતા માટે આજે કોંગ્રેસના ચૂટાયેલા ધારાસભ્યની બેઠક ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે મળશે. દિલ્હી હાઈ કમાન્ડ દ્વારા નિરીક્ષકોને મોકલી તમામ ધારાસભ્ય પાસેથી ફિડ બેક લેવામાં આવે છે. ત્યાર બાદ નિરીક્ષકો દ્વારા બે નામ દિલ્હી હાઈ કમાન્ડ સમક્ષ વિપક્ષ નેતા માટે મોકવામાં આવશે. આ બે નામમાંથી એક નામની પસંદગી દિલ્હી હાઈ કમાન્ડ કરશે. જો વિપક્ષ નેતા ઓબીસી સમાજમાંથી નિમણૂક કરવામાં આવશે. તો આવનાર સમયમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ બદલવાની સંપૂર્ણ શક્યતાઓ ઉભી થશે.

વિધાનસભાના જાણકાર સુત્રોએ આપેલી માહિતી મુજબ, વિધાનસભામાં વિપક્ષ નેતા માટે કોઈ ૧૦ ટકા બેઠકવાળો નિયમ નથી. માત્ર જે પાર્ટી બીજા નંબર પર હોય તે પાર્ટીને વિપક્ષ પદ મળવા પાત્ર છે. આથી ગુજરાત વિધાનસભામાં બીજા નંબરની પાર્ટી તરીકે હાલ કોંગ્રેસ પક્ષ ૧૭ બેઠક સાથે છે. તો વળી આપ પાર્ટી ત્રીજા નંબર છે. તેથી વિપક્ષ નેતાનું પદ કોંગ્રેસ મળી શકશે. આ ઉપરાત તમામ મળતી વિપક્ષ નેતાની સુવિધાઓ પણ મળશે. બગલો , ગાડી અને ઓફિસ ઉપરાત કેબિનેટ કક્ષાનો દરજ્જો પણ વિપક્ષ નેતા મળશે.

૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ૧૫૬ બેઠક જીત ભવ્ય ઈતિહાસ સર્જ્યો છે. અત્યાર સુધી ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ બેઠક મેળવાનો કોગ્રેસ નેતા માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકનો રેકોર્ડ હતો. ૧૯૮૫મા કોંગ્રેસે ૧૪૯ બેઠકો જીતી હતી. આ રેકોર્ડ હતો અને હવે સૌથી ઓછી બેઠક મેળવાનો પણ રેકોર્ડ કોંગ્રેસના નામે નોધાયો છે.

ગુજરાત સ્થાપના બાદ થયેલી તમામ વિધાનસભા બેઠકમાં સૌથી વધુ કંગાળ પ્રદર્શન ગુજરાત કોંગ્રેસનું રહ્યું છે. સૌથી વધુ બેઠક કોંગ્રેસ સાશનમાં ૧૯૮૫માં મળી હતી. તો સૌથી ઓછી બેઠક મળવાનો રેકોર્ડ પણ ગુજરાત કોંગ્રેસે ૨૦૨૨ માં બનાવ્યો છે. ૧૯૮૫ વર્ષ ચૂંટણીમાં માંધવસિંહ સોલંકીની ખામ થિયરીના પગલે કોંગ્રેસને સૌથી વધુ રેકોર્ડ બ્રેક ૧૪૯ બેઠક મળી હતી. ત્યાર બાદ ૧૯૯૦માં થયેલી ચૂંટણીમાં કોંગ્રેસ સૌથી ઓછી ૩૩ બેઠક મળી હતી. ત્યાર બાદ થયેલા તમામ ચૂંટણીમાં ૫૦ થી લઈ ૮૦ બેઠક સુધી કોંગ્રેસ જીત મેળવતા હતી. પરંતુ ૨૦૨૨ ચૂંટણી સૌથી ઓછી બેઠક ૧૭ મેળવી એક નવો જ રેકોર્ડ કોંગ્રેસ પોતાના નામે નોંધ્યો છે. કોંગ્રેસનું આઝાદી પછી સૌથી ખરાબ પ્રદર્શન ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં રહ્યું છે.

## પ્રધાન મંત્રી શ્રમ યોગી માનધન પેન્શન યોજના એક સ્વૈચ્છિક અને યોગદાન પેન્શન યોજના

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર દ્વારા ગરીબો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ યોજનાઓમાં સરકાર દ્વારા લોકોને મફત રાશન પણ આપવામાં આવે છે.

સાથે જ સરકાર દ્વારા ખેડૂતો માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. ખેડૂતો માટે ચલાવવામાં આવી રહેલી યોજનામાં સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક સહાય પણ આપવામાં આવે છે. તે જ સમયે, સરકાર દ્વારા મજૂરો માટે એક યોજના ચલાવવામાં આવી રહી છે. આ યોજનામાં સરકાર દ્વારા લોકોને ઘણી આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

ટૂંક સમયમાં સરકાર દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૩ રજૂ કરવામાં આવનાર છે. જોકે બજેટ પહેલા મિનિસ્ટ્રી મંત્રાલય દ્વારા એક ટ્વિટ કરવામાં આવ્યું છે. આ ટ્વીટમાં સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી પેન્શન યોજના વિશે માહિતી આપવામાં આવી છે. આ પેન્શન યોજનાની ખાસ વાત એ છે કે, આ યોજના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા મજૂરો માટે ચલાવવામાં આવી રહી છે.

હકીકતમાં સરકાર દ્વારા પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન પેન્શન યોજના ચલાવવામાં આવી રહી છે. જેમાં દર મહિને ૩ હજાર રૂપિયાનું પેન્શન આપવામાં આવે છે. **Ministry of Labour** તરફથી ટ્વીટ કરીને કહેવામાં આવ્યું છે કે, 'પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન પેન્શન યોજના દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોને સરકાર દ્વારા દર મહિને ૩૦૦૦ રૂપિયા સુધીનું પેન્શન આપવામાં આવે છે તેથી આજે સરકારી યોજના **PM- SYM** માં જોડાઓ.

બીજી તરફ, પ્રધાન મંત્રી શ્રમ યોગી માનધન પેન્શન યોજના એક સ્વૈચ્છિક અને યોગદાન પેન્શન યોજના છે જેના હેઠળ ગ્રાહકને ઘણા લાભો પણ મળે છે.આમાં શ્રમિક વર્ગ ૬૦ વર્ષની વય વટાવ્યા પછી દર મહિને ૩૦૦૦ રૂપિયાનો લાભ ચોક્કસપણે લઈ શકશે. તો બીજી બાજુ જો વ્યક્તિ પેન્શનની પ્રાપ્તિ દરમિયાન મૃત્યુ પામે છે તો લાભાર્થીની પત્ની અથવા પતિ પ્રાપ્ત પેન્શનના ૫૦ ટકા હકદાર બનશે. આ સાથે ભારત સરકાર દ્વારા તેમાં સમાન યોગદાન રહે છે.

## દિલ્હી સરકાર કોરોના પીડિત પરિવારને ૧ કરોડ આપવા પડશે પાછળ નહીં હટી શકે : હાઈકોર્ટ




નવીદિલ્હી,

દિલ્હી હાઈ કોર્ટે કોરોના મહામારીના કારણે થયેલા મોત માટે દિલ્હી પોલીસના જવાનોના સ્વજનોને એક કરોડ રૂપિયાની અનુગ્રહ રકમ ચુકાવવાનું કહેતા નિર્દેશ આપ્યા કે, અનુગ્રહ રકમની ચૂકવણી માટે કરવામાં આવેલી સ્પષ્ટ જાહેરાતથી દિલ્હી સરકારે પાછળ હટવું ન જોઈએ. ન્યાયાધીશ પ્રતિભા એમ. સિંહની પીઠે મૃતકની પત્નીની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે, અધિકારીઓ સાથે જ પ્રેસ કોન્ફરન્સની ક્લિપિંગથી સ્પષ્ટ છે કે, દિલ્હી સરકારે મૃતકના સ્વજનને એક કરોડ રૂપિયાની અનુગ્રહ રકમ આપવાની જાહેરાત કરી હતી.

ગર્ભવતી અરજીકર્તા મહિસાનો પતિ દીપ ચંદનું બંધુ હૉસ્પિટલમાં કોરોના મહામારી દરમિયાન તૈનાતીના સમયે ૫ મે ૨૦૨૦ના રોજ નિધન થઈ ગયું હતું. કોર્ટે કહ્યું કે, વર્તમાન કેસમાં એક સહનુભૂતિપૂર્ણ વિચારની જરૂરિયાત હતી અને વળતરની ચૂકવણીમાં વધુ મોડું નહીં કરી શકાય. તો દિલ્હી સરકારે કહ્યું કે, આ સંબંધમાં નિર્ણય સ્વાસ્થ્ય મંત્રી દ્વારા મુખ્યમંત્રી અનુમોદનથી લઈ શકાય છે. દિલ્હી સરકારે કહ્યું કે, એવામાં તેના પર વિચાર કરીને તેને મોકલી શકાય છે.

તેના પર પીઠે કહ્યું કે, ૧૩ માર્ચ ૨૦૨૦ની કેબિનેટના નિર્ણય હેઠળ કેસને મંત્રીઓ સમક્ષ રાખવામાં આવે. સાથે જ એવા પણ નિર્દેશ આપ્યા છે કે અધિકારીઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણય સંબંધિત રેકોર્ડ ૧૫ જાન્યુઆરીના રોજ રજૂ કરવામાં આવે. અરજીકર્તાએ કહ્યું કે, મહામારી દરમિયાન દિલ્હી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશોમાં દિલ્હી પોલીસકર્મીઓને શહેરભરમાં કોરોના ડ્યુટી માટે તૈનાત કરવાની જરૂરિયાત હતી એટલે પ્રતિવાદીઓ દ્વારા આ તર્ક આપી શકાય નહીં કે જીવ ગુમાવનારા કોન્સ્ટેબલ કોરોના ડ્યુટી પર નહોતા.

અરજીમાં મૃતકની પત્નીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૭ મે ૨૦૨૦ના રોજ તેના પતિના નિધન સંબંધમાં કરેલી ટ્વીટનો સંદર્ભ આપ્યો. જેમાં મૃતકના સ્વજનને એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, ત્યારબાદ તે અનુગ્રહ રકમ માટે આમ તેમ ભટકી રહી છે. મહિલાએ કહ્યું કે, તે પોતાના પતિના મૃત્યુના સમયે ગર્ભવતી હતી અને તેને હવે પોતાના બે બાળકોની દેખરેખ કરવાની છે. કેસની આગામી સુનાવણી ૨ ફેબ્રુઆરીના રોજ થશે.

## યૂપી-બિહાર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં હાડ થિજવી દેતી ઠંડી પડશે



નવી દિલ્હી,

દિલ્હી-એનસીઆરથી લઈને ઉત્તર પ્રદેશ અને બિહાર સુધી ધીમે ધીમે હવે ઠંડી પોતાની અસલી રંગ દેખાડવાનું શરુ કરી દીધું છે. પહાડો પર થઈ રહેલી બરફવર્ષાની અસર મેદાની વિસ્તારોમાં દેખાઈ રહી છે અને હવે કડકડતી ઠંડી પણ લાગી રહી છે. એટલું જ નહીં ઉત્તર ભારતમાં શીતલહેરે પણ દસ્તક દઈ દીધી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ૩ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમી ભારતના અમુક વિસ્તારમાં શીતલહેરની સ્થિતિ બની રહેશે.તો વળી દક્ષિણ ભારતના અમુક વિસ્તારોમાં આજે પણ વરસાદ થવાની સંભાવના છે. તો વળી ઠંડીની વાત કરીએ તો, ઉત્તર ભારતમાં હવે ઠંડી બરાબરની પડી રહી છે.આવનારા દિવસોમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં ઘટાડો આવશે. આગામી દિવસોમાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને ઉત્તરી રાજસ્થાનના અલગ અલગ ભાગોમાં ઠંડીની લહેર બની રહેશે. માનવામાં આવી રહ્યું છે કે, બિહાર, ઝારખંડ. યૂપી અને ઉત્તરાખંડમાં પણ તાપમાનમાં ઘટાડો જોવા મળશે અને કડકડતી ઠંડી જોવા મળશે.

હવામાન સંબંધિત જાણકારી આપતી વેબસાઈટ સ્કાઈમેટ વેદરના જણાવ્યા અનુસાર, આજે તમિલનાડૂના ચેન્નાઈ, અંડમાન અને નિકોબાર દ્વિપ સમૂહના દક્ષિણી દ્વિપોમાંથી એક અથવા બે સ્થાન પર હળવાથી મધ્યમ વરસાદ થવાની શકયતા છે. બાકી દેશમાં હવામાન શુષ્ક રહેવાની સંભાવના છે. ઉત્તર પશ્ચિમી શુષ્ક અને ઠંડી હવા દેશના ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વી ભાગમાં ચાલુ રહેશે. જેનાથી દિવસ અને રાતના તાપમાનમાં ઘટાડો થશે.

## ભારતીય મૂળના સજાતિય લીઓ વરાડકર આયરલેન્ડના વડાપ્રધાન બનતા પીએમ મોદીએ શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,

આયરલેન્ડને બીજી વાર ભારતીય મૂળના પીએમ મળ્યાં છે. ૨૦૨૦માં વરાડકરની ફાઈન ગેલ અને માઈકલ માર્ટિનની ફિયાના ફેઈલ પાર્ટી વચ્ચે અઢી-અઢી વર્ષ પીએમ બનવાના કરાર થયા હતા જે અનુસાર માઈકલ માર્ટિને પીએમ પદ ભોગવી લેતા તેમણે રાજીનામું આપ્યું અને આ રીતે વરાડકરને પીએમ બનવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. આ પહેલા તેઓ ૨૦૧૭થી ૨૦૨૦ સુધી પીએમ રહી ચૂક્યા છે. આ પહેલા તેઓ ડેપ્યુટી પીએમ હતા. ૪૩ વર્ષીય વરાદકર હજુ પણ આયર્લેન્ડના સૌથી યુવા નેતાઓમાંના એક છે. તેઓ બીજી વખત વડા પ્રધાન બન્યા છે, પરંતુ તેઓ હજી પણ આયરિશ ઈતિહાસના સૌથી યુવા વડા પ્રધાન છે. ડબલિનમાં આયરિશ સંસદની વિશેષ બેઠકમાં બોલતા વરાડકરે પોતાના પુરોગામી માર્ટિનનો આભાર માન્યો હતો. આયરલેન્ડની રાજધાની ડબલિનમાં વરાડરના પીએમ બનવાનો જશ્ન શરુ થયો હતો. લોકોએ ઠેરઠેર તેમને પીએમ તરીકે વધાવ્યાં હતા.પ્રધાનમંત્રી મોદીએ લીઓ વરાડકરને પીએમ બનવા બદલ અભિનંદન આપ્યાં હતા. તેમણે શનિવારે મોડી રાતે ટ્વિટ કરીને તેમને અભિનંદન આપ્યાં હતા. રાડકર ભારતીય મૂળના છે અને તેમણે ૨૦૧૫માં ખુલ્લેઆમ ગે હોવાની કબૂલાત કરીને લોકોને ચોંકાવી મૂક્યા હતા. ૧૮ જાન્યુઆરી, ૧૯૭૯ના રોજ રાજધાની ડબલિનની રોટુંડા હોસ્પિટલમાં જન્મેલા લીઓ વરાડકરના પિતાનું નામ અશોક વરાડકાર અને માતાનું નામ મિરિયમ વરાડકર છે. તેમના પિતાનો જન્મ મુંબઈમાં થયો હતો. તેઓ ડોક્ટર બનવા માટે ૧૯૬૦ના દાયકામાં બ્રિટન આવ્યાં હતા. તેમની માતા નર્સ તરીકે કામ કરતી વખતે અશોકને મળી હતી. ૧૯૭૧ની શરૂઆતમાં, તેઓએ યુકેમાં લગ્ન કર્યા હતા પરંતુ ૧૯૭૩માં ડબલિનમાં સ્થાયી થયા પહેલા આ પરિવાર ભારત આવી ગયો હતો, જ્યાં તેમના બીજા બાળક સોનિયાનો જન્મ થયો હતો.

## નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વે ઉપર બે બસ વચ્ચે અકસ્માત, ત્રણના મોત, બે ગંભીર, ૧૩ ઘાયલ

નોઈડા,

ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વે પર આજે રવિવારે વહેલી સવારે બે બસો વચ્ચે ભીષણ અકસ્માત થતાં ત્રણ મુસાફરોના મોત થયા છે જ્યારે ૧૩ મુસાફરો ઘાયલ થયા છે, જેમાં બેની હાલત ગંભીર છે. માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

પોલીસે જણાવ્યું કે નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસ વે પર નોલેજ પાર્ક પાસે ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે બે બસો સામસામે અથડાઈ હતી. આ અકસ્માતમાં લગભગ ૧૩ મુસાફરો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ પછી, માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે જણાવ્યું કે એક બસ મધ્ય પ્રદેશના શિવપુરીથી દિલ્હી જઈ રહી હતી અને બીજી બસ પ્રતાપગઢથી આનંદ વિહાર જઈ રહી હતી. આ ઘટનામાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન ત્રણ લોકોના મોત થયા છે. ઘાયલોમાંથી ત્રણને યથાર્થ હોસ્પિટલ ગ્રેટર નોઈડામાં અને ૧૦ને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ટ્રાફિક સુચારૂ રીતે ચાલે છે. જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## ચીની માલનો બહિષ્કાર : વેપારીઓના રાષ્ટ્રીય સંગઠનનો નિર્ણય

નવીદિલ્હી,

અરૂણાચલ પ્રદેશ રાજ્યના તવાંગમાં ભારત-ચીન વચ્ચે ચાલી રહેલી લશ્કરી તંગદિલી વચ્ચે દિલ્હીના વેપારીઓએ ચાઈનીઝ ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી **(CTI)** સંસ્થાએ કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલને લેખિતમાં વિનંતી કરી છે કે તેઓ માલસામાનની આયાત અને ઈ-કોમર્સને લગતી નીતિમાં ફેરફાર કરાવે અને દરેક ચીજ ઉપર તેના મૂળ ઉત્પાદક દેશનું નામ લખવાનું ફરજિયાત બનાવે.

સીટીઆઈના ચેરમેન બ્રિજેશ ગોયલનું કહેવું છે કે, 'હાલની નીતિ અંતર્ગત ઘણી બાબતોની જાણકારી હોતી નથી. ખાસ કરીને ઈ-કોમર્સ સાઈટ્સ વિશે. ગ્રાહકોને એ શોધી જ શકતા નથી કે તેઓ જે માલ ખરીદી રહ્યા છે એનું ઉત્પાદન કયા દેશમાં કરવામાં આવ્યું છે. અનેક ચીજવસ્તુઓના બોક્સ કે રેપર ઉપર મૂળ ઉત્પાદક દેશનું નામ લખેલું ન હોવાથી લોકોને ચીની ઉત્પાદનો ખરીદવા માગતા ન હોવા છતાં અજાણતાં ખરીદી લે છે. જો મૂળ ઉત્પાદક દેશનું નામ લખ્યું હોય તો ભારતીયો ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરી શકે. કેન્દ્ર સરકારે ઈ-કોમર્સ અને માલસામાનની આયાતને લગતી તેની નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે. ચીન ભારતની બજારોમાંથી પૈસા કમાય છે અને પછી એનો ભારત વિરુદ્ધ દુરુપયોગ કરે છે. ભારતમાંથી ચીનમાં માત્ર ૧૩.૯૭ અબજ ડોલરની કિંમતના માલસામાનની નિકાસ થાય છે. નિકાસના આંકમાં ૩૬.૪ ટકાનો ઘટાડો થયો છે. જો ભારતના વેપારીઓ અને ગ્રાહકો ચાઈનીઝ માલનો બહિષ્કાર કરે તો ચીન ભારતને ઘૂંટણિયે પડી જશે.'

## બિહાર / લઠ્ઠાકાંડમાં માનવાધિકાર પંચની સક્રિયતાની ટીકા, ગુજરાતમાં લઠ્ઠાકાંડ થયેલો ત્યારે પંચ સૂઈ ગયેલું?

પટણા,

બિહારના છપરામાં ઝેરી દારૂ પીવાથી ૫૩ લોકોનાં મોત થયાં એ મુદ્દો ગરમ થઈ રહ્યો છે ત્યારે હવે રાષ્ટ્રીય માનવાધિકાર પંચ આ મુદ્દામાં કૂદી પડ્યું તેની ટીકા થઈ રહી છે. પંચે આ ઘટનાની સુઓ મોટો નોંધ લઈને બિહારના ચીફ સેક્રેટરી તથા પોલીસ વડાને નોટિસ ફટકારીને વિસ્તૃત અહેવાલ માંગ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે, ગુજરાતમાં છ મહિના પહેલાં લઠ્ઠાકાંડ થયેલો ત્યારે માનવાધિકાર પંચ સૂઈ ગયેલું. હવે બિહારના લઠ્ઠાકાંડમાં તેને માનવાધિકાર યાદ આવી ગયા છે. પંચે ઘટનામાં નોંધાયેલી એફઆઈઆર તથા પીડિતોને અપાયેલી સારવારની પણ વિગતો માંગી છે. બિહારના લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૫૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. કેટલાય લોકોની આંખોની રોશની જતી રહી છે.લઠ્ઠાકાંડમા માર્યા ગયેલા લોકોના પરિવારને વળતરની માંગે પણ જોર પકડ્યું છે ત્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે, દારૂ પીવાથી થયેલાં મોત પર વળતર નહીં મળે અને જે દારૂ પીશે, તે મરશે. ભાજપના નેતા આ મુદ્દે નીતિશને જવાબદાર ગણાવીને તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ડી. સી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. સાતમણા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
વી. વી. ખેર
તરફથી અભીનંદન....
મુ. જંત્રાલ,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
વાય. એલ. જાદવ
તરફથી અભીનંદન....
મુ. અડાદરા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## લુણાવાડા બેઠકના ભાજપના પરાજીત ઉમેદવારએ આભાર દર્શન કાર્યક્રમ યોજયો

લુણાવાડા,

આ કાર્યક્રમમાં આકરા તેવર દેખાડતા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જેઠાભાઈ વણકરે ભાજપને હરાવનાર ગદ્દારોને કોઈપણ સંજોગોમાં સાંખી નહીં લેવા તેમજ તેઓ સાથે કોઈપણ વ્યવહાર નહી રાખવા કડક સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભાજપ છોડી અપક્ષ ઉમેદવારી કરનાર જે.પી.પટેલ અને તેમને સમર્થન કરનાર ભાજપના કાર્યકરોને ગદ્દાર કહ્યા હતા અને પક્ષ દ્વારા આવા ગદ્દારોને પક્ષની બહારનો રસ્તો બતાવી પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. ત્યારે આવા ગદ્દારો ભાજપમાં પરત લેવા ન જોઈએ તેમની સાથે કોઈપણ પ્રકારનો સંબધ રાખવો જોઈએ નહી તેમજ આ ગદ્દારોનું ભાજપના કોઈપણ નેતાઓએ કોઈપણ કામ કરવું જોઈએ નહીં અને તેમનો આવનાર પાંચ વર્ષ સુધી ભાજપના કોઈપણ નેતાની ઓફિસમાં પગ પડવા દેવો જોઈએ નહિ તો જ આ ગદારોને ભાન થશે કે પક્ષ જોડે ગદ્દારી કરવી યોગ્ય નથી અને આવનાર સમયમાં કોઈ બીજો કાર્યકર પણ પક્ષ જોડે ગદ્દારી કરતા વિચાર કરશે. જો અત્યારથી જ ચેતીશું નહિ તો ૨૦૨૭માં પણ આજ પરિસ્થિતિનું નિર્માણ થશે અને ભાજપ લુણાવાડા બેઠક જીતી શકશે નહીં તો બીજી તરફ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓના જે આધાર પુરાવા મળ્યા તેઓને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના નિર્દેશ અનુસાર નિષ્કાસિત કરવામાં આવ્યા છે. પક્ષ વિરોધી પ્રવુત્તિ કરનારાઓ માટે પક્ષમાં સ્થાન નથી તેમ જણાવ્યું હતું વધુમાં તેમણે પૂર્વ ધારાસભ્ય જીગ્નેશ સેવકને અટલજીની કાવ્યપંકિતઓ સાથે હૈયાધારણ આપી હતી. વધુમાં લોકસેવાના તેમજ વિસ્તારના વિકાસકાર્યો માટે કાર્ય કરતા રહેવાના તેમના સંકલ્પને બિરદાવ્યો હતો તથા પૂર્વ ધારાસભ્યનું કાર્યાલય પ્રજાકીય કાર્યો માટે ધમધમતું રહેશે તેમ જણાવ્યું હતું.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પૂર્વ ધારાસભ્ય હીરાભાઇ પટેલે મોદી યોગીને ચેલેન્જ ફેંકનારા અપક્ષ પૈસાના જોરે ખેલ કરી ગયા. જેને કારણે લુણાવાડા બેઠક ગુમાવવાનો વારો આવ્યો તેમ જણાવી સૌ કાર્યકરોને આ હારમાંથી શીખીને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલીવાડે વિસ્તારના વિકાસ માટે જ્યાં જરૂર જણાય ત્યાં ત્રણે પૂર્વ ધારાસભ્યો સાથે મળી કાર્ય કરીશું તેવી ખાતરી ઉચ્ચારી હતી.

પૂર્વ ધારાસભ્ય જીગ્નેશ સેવકે ચુંટણી હાર્યો છું પણ હિંમત હાર્યો નથી, તેમ જણાવી હરહંમેશ લોકોના કામો માટે તેમનું કાર્યાલય ખુલ્લું રહેશે તેમ જણાવી સૌ કાર્યકરોને દંડવત પ્રણામ કરી આભાર વ્યકત કરતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ કાર્યકરોમાં ભાવુક લાગણીસભર દશ્યો સર્જાયા હતા.

જિલ્લા મહામંત્રીઓ, હોદ્દેદારો સહિત પદાધિકારીઓની ઉપસ્થતિમાં સમગ્ર કાર્યક્રમમાં કાર્યકરોનો આગામી સમયમાં નગરપાલિકા સહિતની ચુંટણીઓ આવી રહી છે ત્યારે ચુંટણી હરાવનાર પક્ષ વિરોધીઓને કોઈ પણ સંજોગોમાં સાંખી નહીં લેવાનો સૂર ઉઠ્યો હતો.

સમગ્ર આભાર દર્શન કાર્યક્રમમાં ભાજપને હરાવનાર પક્ષ વિરોધીઓ વિરૂદ્ધ ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. અત્રે નોંધનીય છે કે, સમગ્ર ગુજરાતમાં રેકોર્ડબ્રેક વિજય મેળવી ૧૫૬ વિધાનસભા બેઠક પર ભાજપનો વિજય થયો છે. ત્યારે મહીસાગર જિલ્લાની લુણાવાડા બેઠક પર જૂનો પંચમહાલ જિલ્લા હતો. ત્યારે બે ટર્મ પ્રમુખ રહેલા અને મહીસાગર જિલ્લા નવો બન્યા બાદ બે ટર્મ મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ રહી ચૂકેલા જે.પી.પટેલે ભાજપ પક્ષ છોડી ભાજપ પક્ષના ઉમેદવાર જીજ્ઞેશ સેવક વિરૂદ્ધ અપક્ષ ઉમેદવારી નોંધાવતા લુણાવાડા બેઠક પર ભાજપમાં આંતરિક વિખવાદ થતા આ બેઠક પર ભાજપ અને અપક્ષ બન્નેને હરાવી કોંગ્રેસ પક્ષના ઉમેદવારે ૨૬હજારથી વધુ મતોએ જીત મેળવી છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના હીરાપુર મુકામે તાલુકા મંડળના મહામંત્રી છગનભાઈ માલના નિવાસ સ્થાને કેબિનેટ આદિજાતિ અને શિક્ષણ વિભાગના મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર નો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે પાર્ટીનાં આગેવાનો, હોદ્દેદારો ગામના લોકો મોટી સંખ્યામાં હાજર રહી મંત્રીનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું.**

## મહીસાગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના કાર્યક્રમમાં સ્વાગતના બહાને મંત્રીની નજીક પહોંચવાનો કર્યો પ્રયાસ

લુણાવાડા,

સમગ્ર ગુજરાતમાં રેકોર્ડબ્રેક વિજય મેળવી ૧૫૬ વિધાનસભા બેઠક પર ભાજપનો વિજય થયો છે. ત્યારે મહીસાગર જિલ્લામાં સંતરામપુર વિધાનસભા બેઠક પર વિજેતા કુબેરભાઈ ડીંડોરને નવી સરકારમાં કેબિનેટ કક્ષા શિક્ષણ મંત્રી બનાવાતા સમગ્ર જિલ્લામાં ખુશીનો માહોલ છે. ત્યારે આવા માહોલમાં પક્ષ વિરોધી પ્રવુત્તિ બદલ ભાજપ માંથી દૂર કરાયેલા કેટલાક હોદ્દેદારો મહીસાગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના શિક્ષણ મંત્રીના સ્વાગત કાર્યક્રમમાં જોવા મળતા સ્વાગતના બહાને મંત્રીની નજીક પહોંચવાનો પ્રયાસ કર્યો હોવા અંગે ચર્ચાનો વિષય બન્યો છે.



તાજેતરમાં વિધાનસભા ચૂંટણી યોજાઇ જેમાં મહીસાગર જિલ્લાની લુણાવાડા વિધાનસભા બેઠક પર જૂનો પંચમહાલ જિલ્લા હતો. ત્યારે અને મહીસાગર જિલ્લા નવો બન્યા બાદ બે ટર્મ જિલ્લા ભાજપ પ્રમુખ રહી ચૂકેલા જે.પી.પટેલ કે જેઓ રાજય આચાર્ય સંઘના પ્રમુખ પણ છે તેમણે ભાજપ પક્ષ છોડી અપક્ષ ઉમેદવારી નોંધાવતા ભાજપને લુણાવાડા બેઠક ગુમાવવાનો વારો આવ્યો હતો. જે.પી.પટેલ શિક્ષણ ક્ષેત્રના અગ્રણી હોવાથી ભાજપે પ્રચારમાં પૂર્વ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીને પણ ઉતાર્યા હતા અને પક્ષ એ માતા સમાન છે અને માતાની સાથે દ્રોહ કરનારને માફ કરવામાં નહીં આવે તેવો સ્પષ્ટ સંદેશ પાઠવ્યો હતો. તો વળતો પ્રહાર કરતાં જે.પી.પટેલે પણ મોદી આવે કે યોગી આવે, રૂપાલા આવે કે વાઘાણી આવે કોઈ ફેર પડવાનો નથી. તેવો પડકાર ફેંક્યો હતો અને આ ચૂંટણીમાં મહીસાગર જિલ્લાના અનેક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા ભાજપના કેટલાક હોદ્દેદારોએ પક્ષવિરોધી પ્રવુત્તિ કરતાં જિલ્લા ભાજપ દ્વારા તેમને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ આજરોજ મહીસાગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના શિક્ષણમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં ભાજપ માંથી સસ્પેન્ડ થયેલા જિલ્લા કિસાન મોરચાના ઉપાદ્યક્ષ મુકેશ પટેલ, લુણાવાડા તાલુકા મંડળ મહામંત્રી અમરીશ પટેલ, પ્રદેશ શિક્ષણ સેલ સમિતિ મહેન્દ્ર પટેલ, ખાનપુર તાલુકા મંડળ અધ્યક્ષ દિપક જોશી સહિત કેટલાક ભાજપના સસ્પેન્ડેડ હોદ્દેદારો જોવા મળ્યા હતા. ત્યારે પોતાના જ જિલ્લામાં ભાજપ પક્ષવિરોધીઓને દૂર રાખવા શિક્ષણમંત્રી માટે મુશ્કેલ બન્યું છે.

## પાવગઢના ડુંગરોમાં લુપ્ત થતી પ્રજાતિના ગીધ પક્ષીની વસાહત જોવા મળતા પક્ષી પ્રેમીઓમાં આનંદ

હાલોલ,

કુદરતના સફાઈ કામદાર તરીકે ઓળખાતા ગીધ પક્ષીઓની પાવાગઢના ડુંગરોમાં નાની વસાહત જોવા મળતા મધ્ય ગુજરાતના પક્ષી પ્રેમીઓ માટે આનંદદાયક સમાચાર છે.જોખમમાં આવી ગયેલી પક્ષી જગતની આ જાતે પાવાગઢની પર્વતમાળાની કોતરોમાં બનાવેલા માળાઓમાં ઈંડાનુ સેવન કરી કેટલાકં બચ્ચાઓને જન્મ આપ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ અહિં ૧૦ પુખ્ત વયના ગીધ વસી રહ્યા છે. અને આ ઈન્ડિયન વલ્ચર પર મહાકાળી માતાના મંદિરની પાછળની તરફ કોતરોમાં ગીધોના ૨ થી ૩ માળા અને નવલખા માળા હોવાનો અંદાજ છે. ગીધની સફેદ હગાર ઉપરથી માળા હોવાનો અંદાજ લગાવી શકાય છે. જેમાંથી માતાજીના મંદિરવાળી કોતરોમાં આવેલા એક માળામાં ગીધનુ બચ્ચુ જોવા મળે છે. બહુધા રામસેવક જટાયુ જેવા આ ગીધો માનવ વસ્તીની આસપાસ વસવાટ કરે છે. પુખ્ય વયનુ ગીધ ૭૦ થી ૮૫ સે.મી.ઉંચુ અને ૫ થી ૬ કિ.ગ્રા.વજન ધરાવતુ હોય છે. માદા કરતા નર ગીધની લંબાઈ વધુ હોય છે. તેઓ ૧૦ થી ૧૨ના સમુહમાં વસવાટ કરે છે. વર્ષમાં એક વખત ઈંડુ મુકે છે અને તેમના બચ્ચા ઉછેરનો સમયગાળો નવેમ્બરથી માર્ચ સુધીનો હોય છે. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કોન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા ગીધની આ પ્રજાપતિ અતિ જોખમમાં આવી ગયેલી પક્ષીઓની યાદીમાં મુકવામાં આવી છે. આ ગીધો સવારના ૧ વાગ્યાથી મોડીરાત સુધી ખોરાકની શોધમાં આકાશમાં ચકકર લગાવતા રહે છે. તેઓ હજાર ફુટની ઉંચાઈએ ઉડે છે ત્યાંથી તેમની તિક્ષ્ણ નજર મૃત પશુને જોઈને ઝપટ લગાવે છે. વનવિભાગ દ્વારા કરવામાં આવેલી ગણતરી દરમિયાન પણ અહિં ગીધોની વસાહત નોંધાઈ છે. પરીક્ષેત્ર વન અધિકારી આર.આર. બારીયા અને વન સહાયક પંકજ ચૌધરી આ વસાહત ઉપર સતત નજર રાખી રહ્યા છે.

## દાહોદના રાત્રી બજારની ૨૦ દુકાનો ખાલી કરાવતા રાત્રી બજારોની યાદ લોકોમાં રહેશે

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ રાત્રી બજાર ખાતેની ૨૦ દુકાનોને ખાલી કરવાના દાહોદ નગરપાલિકા આદેશો બાદ ગતરોજ સાંજના સમયે એકાએક તમામ દુકાનો તંત્ર દ્વારા ખાલી કરાવતાં હવે આ રાત્રી બજાર માત્ર લોકોની યાદોમાં રહી જશે. સ્માર્ટ સીટી અંતર્ગત આ સ્થળે કામગીરી આરંભ કરવાની હોઈ તંત્ર દ્વારા આ રાત્રી બજારને ખાલી કરવાનો નિર્ણય લીધો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે હવે આ રાત્રી બજારમાં પહેલા જેવી ચહલ પહલ તેમજ રોનક જોવા નહીં મળે.

દાહોદના હાર્દ સમા રોડ ઉપર આવેલી ખાણી પીણીની રાત્રી બજાર ની દુકાન દારોને ત્રણ મહિનાથી નોટિશો આપવામાં આવી રહી હતી, પરંતુ આજે આખરે પાલિકાએ ટીમો લગાવી અને ૨૦ દુકાનોને તોડવા માટેની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં પોલીસ પ્રોટેકશનની સાથે નગર પાલિકાના ચીફ ઓફિસર અને પાલિકાની ટીમો દ્વારા પાલિકાની ૨૦ દુકાનોને ખોલવા માટેની કામગીરી હાથ ધરાઈ હતી. જોકે દુકાનદારોએ વિરોધ પણ નોંધાવ્યો હતો. જેમાં હાલમાં વૈકલ્પિક સુવિધા કરી આપવા માટેની પણ રજુઆત કરાઈ હતી, પરંતુ પાલિકા જીત પર રહી અને દુકાનો ખોલવાની કામગીરી કરવામાં આવી હતી જોકે સ્માર્ટ સીટી અંતર્ગત પાર્કિંગની સુવિધા માટે પ્રોજેક્ટ છે. તેને લઈને પાલિકા દ્વારા દુકાનો હટાવી અને સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સોંપવા માટેની કામગીરી કરવામાં આવી હતી. આ મામલે ચીફ ઓફિસરે આપી પ્રતિક્રિયા તેમાં જણાવ્યું હતું કે, સ્માર્ટ સિટીનું કામ ૨૦૨૩ માં પૂર્ણ કરવાનું હોઈ અને રાત્રિ બજારની આ જગ્યા સ્માર્ટ સિટીને પાર્કિંગ માટે ફાળવી દીધી છે. તેમજ રાત્રિ બજારના વેપારીઓને સપ્ટેમ્બર ઓક્ટોબર નવેમ્બર એમ ત્રણ માસ સુધી નોટીસો આપી ખાલી કરવા જણાવ્યું છે અને ગઈકાલે ૨૪ કલાકનો ખાલી કરવાનું અલ્ટીમેટમ આપી દીધું છે. તેમ જણાવ્યું છે અત્રે ઉલ્લેખની છે કે રાત્રિ બજારના વેપારીઓની દુકાનોના ૨૦૨૪ સુધી ઠરાવ કરી દેવામાં આવ્યા છે, પરંતુ પાલિકા દ્વારા એકાએક રાત્રિ બજાર ખાલી કરવા નોટીસ પાઠવી દેતા હાલ તો આ રાત્રી બજારના ૨૦ દુકાનદારો રોજગાર વિહોણા બની ગયા છે.

## દાહોદના ઉસરવાણા ગામે ઘર આંગણેથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે મકાનની આગળ લોક મારી પાર્ક કરેલ મોટર સાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દાહોદ જિલ્લામાં દિનપ્રતિદિન મોટરસાઈકલ ચોરીની ઘટનાઓ વધી રહી છે. જેને પગલે વાહન માલિકોમાં ભારે આક્રોશ સાથે રોષ પણ ફેલાવા પામ્યો છે ત્યારે વધુ એક મોટરસાઈકલ ચોરીની ઘટના સામે આવવા પામી છે. જેમાં મુળ પંચમહાલ જિલ્લાના ગોધરાના ભુરાવાવ ખાતે રહેતાં સુરજ રાજકુમાર પટેલ જેઓ હાલ દાહોદ શહેરમાં શંભુનાથ રેસીડેન્સીમાં રહે છે. તેઓ પોતાની મોટરસાઈકલ દાહોદ શહેરમાં આવેલ પોતાના મકાનની આગળ ગતરોજ લોક મારી પાર્ક કરી હતી. આ મોટર સાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સુરજ રાજકુમાર પટેલે દાહોદ બી. ડિવીઝનમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના વડબારા ગામે ચેકીંગમાં ગયેલ વીજ કંપનીની ટીમ સાથે ગાળાગાળી કરી સરકારી કામમાં અડચણ કરતાં ફરિયાદ

દાહોદ,

વીજ ચેકીંગ માટે દાહોદ તાલુકાના વડબારા ગામે ગયેલ મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમને એક મકાન માલિક દ્વારા એમ.જી.વી.સી.એલ.ની ટીમને બેફામ ગાળો બોલી કાયદેસરની સરકારી કામગીરીમાં દખલ કરતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

મધ્ય ગુજરાતની વીજ કંપનીની ટીમ ગતરોજ વડબારા ગામે વીજ ચેકીંગ માટે ગઈ હતી. જ્યાં ગામમાં રહેતાં નન્નુભાઈ ભુરીયાના ઘરે વીજ ચેકીંગ માટે ગયાં હતા. જ્યાં વીજ ચેકીંગ કરી રહેલ અને મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ફરજ બજાવતાં કેશવસિંહ બામણીયા, મહેશભાઈ પરમાર અને વિજભાઈ પટેલીયા વિગેરે તેઓની ટીમને ઉપરોક્ત મકાન માલિક દ્વારા બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, હું તમને મારા ઘરમાં વીજ ચેકીંગ નહીં કરવા દઉં, તમારાથી થાય તે કરી લો, તેમ કહી બેફામ ગાળો બોલી વીજ કર્મચારીઓની ટીમને તેઓની સરકારી કાયદેસરની કામગીરીમાં અડચણ ઉભી કરતાં આ સંબંધે મધ્યગુજરાત વીજ કંપનીમાં ફરજ બજાવતાં અજયકુમાર મીણાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના દુધિયા ગામે પત્નિના વિરહમાં પતિએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડાના દુધિયા નગરમાં પતિ–પત્નિ વચ્ચે કોઈક કારણોસર ડખો થયા બાદ પત્નિ તેના નાના છોકરાને લઈને પિયરમાં જતી રહી હતી. ત્યારબાદ પત્નિ પિયરમાંથી પાછી નહિ આવતા તેમજ છોકરાને મળવા દેવાની પણ પતિને ના પાડી દેતા મનમાં લાગી આવતા પતિએ ફીનાઈલ પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી તબિયત લથડતા તેને સમસયર સારવાર મળી જતા જીવ બચી ગયો હતો. દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દુધિયા ગામે સતકેવલ ફળિયામાં રહેતા ૨૮ વર્ષિય પવનભાઈ જાટવા તથા તેની પત્નિ વચ્ચે કોઈક બાબતે ડખો થયો હતો. ત્યારબાદ પવનભાઈની પત્નિ રીસાઈને તેના નાના બાળકને લઈને પિયરમાં જતી રહી હતી. પત્નિને પરત લેવા ગયો હોવા છતાં પત્નિ પાછી ન આવતા તેમજ નાના છોકરાને પણ મળવા દેવાની ના પાડતા આ બાબતે પવનભાઈ જાટવાને પત્નિ તથા પુત્રના વિરહમાં મનમાં લાગી આવતા તેને ફિનાઈલ પી લીધુ હતુ ત્યારબાદ પવનભાઈની હાલત બગડતા તેને તાત્કાલિક સારવાર માટે લીમખેડાના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. પવન જાટવાને સમયસર સારવાર મળી જતા તેનો જીવ બચી ગયો હતો. આ બાબતે લીમખેડા પોલીસે જાણવા જોગ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદ સોશિયલ મીડિયામાં પઠાન ફિલ્મને લઈ જોવાતો રોષ

ઝાલોદ,

હિંદી ફિલ્મ જગતના સુપર સ્ટાર શાહરૂખખાન અભિનીત આગામી ફિલ્મ પઠાનને લઈ હિન્દુ સંગઠનોમાં રોષ જોવા મળી રહ્યો છે. પઠાન ફિલ્મમાં "બેશર્મ રંગ" નામનું ગીત છે. જે હિન્દુઓની આસ્થાને ઠેસ પહોંચાડે છે. સોશિયલ મીડિયા તેમજ વિવિધ સંગઠનો પઠાન ફિલ્મનો બહિષ્કાર કરતા જોવા મળી રહ્યા છે. જો ફિલ્મમાં રજૂ કરેલ જે શીન છે તે જો કટ કરવામાં નહીં આવે તો રોષ હજુ પણ ગંભીર સ્વરૂપ લે તેવા સંજોગો જોવાઈ રહ્યા છે. અગાઉ મધ્ય પ્રદેશના ગૃહમંત્રી ડો. નરોત્તમ મિશ્રાએ પણ કહ્યું હતું કે, જો ગીતના દ્રશ્યો, વેશભૂષા અને શબ્દો જો ઠીક કરવામાં નહીં આવે તો ફિલ્મને મધ્યપ્રદેશમાં અનુમતિ અંગે વિચાર કરવામાં આવશે. તેમજ ગુજરાતમાં પણ વિવિધ સંગઠનો ટ્વિટ કરી આ ફિલ્મનો વિરોધ કરતા જોવાઈ રહ્યા છે. ભગવો રંગ હિન્દુઓ માટે આન બાન અને શાન છે. તેથી બેશરમ રંગ નામના ગીત થી હિન્દુ સંગઠનોમાં મોટા પ્રમાણમાં રોષ જોવા મળી રહ્યો છે.

## દાહોદ રેલ્વે સ્ટેશન ડાઉન ટ્રેક ઉપર માલગાડીની અડફેટમાં યુવકનું મોત થતાં અધિકારીઓ સહિત પોલીસ દોડી આવી

દાહોદ,

દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે ડાઉન ટ્રેક પર માલગાડીની અડફેટે એક યુવકનું મોત નીપજતાં રેલ્વેના અધિકારીઓ સહિત રેલ્વે પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. મૃતકની લાશને પોલીસે નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ત્રણની ડાઉન ટ્રેક પર માલગાડી પસાર થતાં એક યુવકનું ટ્રેનને અડફેટે આવી જતા મોત નિપજ્યું હતું. જેમાં યુવક ટ્રેનની અડફેટે આવી જતા શરીરના અલગ અલગ અંગો કપાઈ જતા મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જી.આર.પી. અને આરપીએફ પોલીસને કરાતા પોલીસનો કાફલો તત્કાલિક ઘટના સ્થળે પ્લેટફોર્મ નંબર ત્રણ પર દોડી આવ્યો હતો અને ત્યારબાદ મૃતદેહના કપડાની તલાસી લેતા તેના ખિસ્સા માંથી આધારકાર્ડ મોબાઈલ પાસપોર્ટ ના ફોટા મળી આવ્યા હતા. જે પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં તપાસ કરવા માટે મોકલ્યા હતા. જેમાં મરનાર વ્યક્તિ સાહડાનો છે કે અન્ય ગામનો છે. તેની તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં આધારકાર્ડના સરનામા પ્રમાણે નલવાયા ખીમાભાઈ પરથીભાઈ સાહડા નલવાયા પ્રાથમિક દ્રષ્ટિએ હોવાનું જાણવા મળી રહ્યું છે. જે પોલીસ તપાસ બાદ બહાર આવશે પોલીસે અકસ્માત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લીમડીના યુવાનને રેલ્વેમાં ટી.સી.ની નોકરી અપાવવાના બહાને ૮ લાખ રૂપિયા લઈ ઠગાઈ કરતા ફરિયાદ

દાહોદ,

લીમડીમાં શાંતિનગર સોસાયટીના નિતીનભાઈ વાલ્મિકીને રેલ્વે ડિપાર્ટમેન્ટમાં ટી.સી.તરીકે નોકરી આપવાની લાલચનુ પુર્વ આયોજીત કાવતરૂ રચી દાહોદનો અંકિત રાઠોડ, મધ્યપ્રદેશના વિજય નગરની દુર્ગેશ્વરીબેન વસંતલાલ વાઘેલા તથા મધ્યપ્રદેશના ઈન્દૌરના અભીજીત ગીરીશભાઈ સાહુ એમ ત્રણેય જણાએ ભેગા મળી ગત તા.૧૩ જુન ૨૨થી તા.૧૯ નવેમ્બર ૨૨ દરમિયાન લીમડી બસ સ્ટેન્ડ તથા અલગ અલગ જગ્યાએથી પાકો ભરોસો આપી નિતીનભાઈ પાસેથી રૂ.૮ લાખ રૂપિયા ટુકડે ટુકડે લીધા પછી પણ આજદિન સુધી નોકરી નહિ અપાવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ સંદર્ભે છેતરપિંડીનો ભોગ બનેલ નિતીનભાઈ મોહનભાઈ વાલ્મિકીએ દાહોદના અંકિત રાઠોડ, દુર્ગેશ્વરીબેન વસંતલાલ વાઘેલા, તથા અભીજીત ગિરીશભાઈ સાહુ વિરૂદ્ધ લીમડી પોલીસમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

## સીંગવડના ચુંદડી ગામે આધેડનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના ચુંદડી ગામના આધેડ ઘરેથી નીકળ્યા બાદ ઘરે પરત ફર્યા ન હતા. અને સવારે તેમની લાશ ગામની નજીકની કેનાલમાંથી મળી આવી હતી. ચુંદડી ગામના ડુંગરભીત ફળિયા ખાતે રહેતા રમણભાઈ સેનાભાઈ બારીયા(ઉ.વ.૫૦) તેમના ઘરેથી કનુભાઈને ત્યાં દુધનો ખાલી લોટો આપવા જવાનુ કહી ઘરેથી નીકળ્યા હતા. પરંતુ સાંજ સુધી ઘરે ન પહોંચતા સ્વજનો તેમજ ગામજનો દ્વારા શોધખોળ શરૂ કરાઈ હતી. જેમાં તેમની લાશ ગામની નજીકથી પસાર થતી કેનાલના પાણીમાંથી મળી આવી હતી. જે બનાવ સંદર્ભે તેમના પુત્ર સુરેશભાઈએ રણધિકપુર પોલીસ મથકે જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફળદાયી રહેશે. તમારા પ્રયત્નો અને બુદ્ધિથી તમે કામ પૂરા કરશો. લાંબા અંતરની મુસાફરીની તક મળશે. વેપારમાં નફો વધશે, આવકના સ્રોત વધશે. સેલ્સ માર્કેટિંગનું કામ કરનારાઓ માટે દિવસ વ્યસ્ત રહેશે પરંતુ લાભદાયી રહેશે.

વૃષભ : આજનો દિવસ લાભદાયક રહેશે. જો તમે શેરમાં સમજદારીપૂર્વક રોકાણ કરો છો તો તમે અનુકૂળ લાભ મેળવી શકશો. આ સાંજથી રાત સુધી વાહનોના ઉપયોગમાં સાવચેત રહો. તમને કેટલાક લોકોને મળવાની તક પણ મળશે જે તમારું મનોબળ વધારશે.

મિથુન : આજે વ્યવહારની દ્રષ્ટિએ એક મહત્વપૂર્ણ ડીલ તમારી તરફેણમાં નિર્ણાયક બની શકે છે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે. ધીમુ પાચન અને આંખની સમસ્યાની સંભાવના પણ છે.

કર્ક : આજનો દિવસ થોડો મૂંઝવણભર્યો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તેમની વ્યસ્તતા વધશે. વેપારમાં નફા માટે વેપારીઓએ વધુ મહેનત કરવી પડશે. નોકરી શોધનારાઓએ આજે સંયમ અને સમજદારીથી કામ કરવું પડશે, અધિકારીઓ સાથે તણાવની સંભાવના પણ છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે ખાસ શુભ છે. આજે વરિષ્ઠ લોકો પણ તમારી વાત સાંભળશે. તમામ જરૂરી કામ સરળતાથી થશે. તે પણ શક્ય છે કે તમારું કામ જે છેલ્લા ઘણા મહિનાઓથી અટકેલું છે તે શરૂ થઈ શકે છે અથવા કામ પૂર્ણ થઈ શકે છે.

કન્યા : આજે અચાનક બાળકોના દુઃખને કારણે મન પરેશાન થઈ શકે છે. તમારે કાર્યસ્થળ પર દિવસભર દોડવું પડી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. લાંબા સમયથી રાહ જોવાતા મહેમાન સાંજે આવવાથી ખુશ થઈ શકો છો. રાત્રે કોઈ પણ શુભ કાર્યમાં ભાગ લઈને તમારું સન્માન વધશે.

તુલા : આજનો દિવસ મિશ્ર ફળદાયી છે. જોકે, બપોરે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિની શક્યતાઓ છે. આવકના નવા સ્રોત સર્જાશે. જીવનસાથીનો સહયોગ અને સહકાર તમને આજે વિશેષ સન્માન અને લાભો આપશે. પ્રવાસની સ્થિતિ સુખદ અને લાભદાયી રહેશે.

વૃશ્ચિક : આજનો દિવસ વૃશ્ચિક રાશિના લોકો માટે મૂંઝવણભર્યો રહી શકે છે. માતાના સ્વાસ્થ્યની ચિંતા થઈ શકે છે, તેમની સંભાળ રાખો. નવી નોકરી અથવા ડીલ કરવા માટે ઉતાવળ ના કરો. આજે શક્ય છે કે મુસાફરીની યોજનાઓ બનાવી શકે અને છેલ્લી ઘડીએ યોજનાઓ મુલતવી રાખો.

ધન : લોકો માટે આજનો દિવસ સારો રહેશે. પારિવારિક સમસ્યાઓ ઉકેલવાથી તમે રાહત અનુભવશો. સાંજનો સમય તમારા માટે વધુ અનુકૂળ રહેશે, મનમાં ખુશી રહેશે અને ધનલાભની તક પણ રહેશે. આજે સંતાન સંબંધિત બાબતોમાં નાણાં ખર્ચવાનો યોગ છે.

મકર : આજે વિશેષ સંપત્તિ અને આવકના સાધનોમાં વધારો થવાની સંભાવના છે. આજે પ્રતિષ્ઠિત લોકો સાથે સંપર્કો થશે. વિદેશી બાબતોમાં પ્રગતિની સંભાવના છે. આજે વેપાર ક્ષેત્રે સાનુકૂળ લાભ મળવાનો આનંદ રહેશે. વ્યવસાયમાં ફેરફારની યોજના છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહો.

કુંભ : આર્થિક બાબતોમાં આજે સંયમથી કામ લો, તમારે ખરીદી પણ સાવધાનીપૂર્વક કરવી જોઈએ. તમારે ટૂંકા ગાળાના રોકાણો અથવા ટૂંકા ગાળાના માલ ખરીદવાનું ટાળવું જોઈએ. સારી વાત એ છે કે આજે તમારું મન રચનાત્મક કાર્યમાં વ્યસ્ત રહેશે, તમે ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવનો લાભ મેળવી શકશો.

મીન : આજનો દિવસ તમારા માટે પ્રમાણમાં શુભ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. એટલું જ નહીં, આજે તમારો આર્થિક પક્ષ મજબૂત બને છે અને સંપત્તિ, આદર, ખ્યાતિ વધે છે. કોઈ અટકેલું કામ પૂરું થશે. રાજકારણ સાથે જોડાયેલા લોકોને પ્રગતિની વિશેષ તકો મળશે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારીયા-ધાનપુર તાલુકાના શ્રમીકો ચૂંટણીમાં મતદાન કરી પરિણામો જાણી રોજીરોટી માટે મોટા શહેરો તરફ હીજરત

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા અને ધાનપુર તાલુકામાં મોટાભાગના લોકો ખેતીવાડી અને પશુપાલન ઉપર જીવન ગુજારે છે. જેમાં ઘણા લોકો ખેતીવાડી નુ કામકાજ પૂરૂં કરી ધંધા રોજગાર માટે મોટા શહેરોમાં કડિયા કામ, પ્લમ્બર, ચણતર પ્લાસ્ટર, સેન્ટરિંગ કામ સહિત બીજી મજૂરી કરવા માટે જતા હોય છે. અમુક લોકો કાઠિયાવાડ માં ખેતીવાડી નુ કામ કરતા હોય છે.

દેવગઢ બારીયા તાલુકો બહુ વર્ષો જૂનો તાલુકો છે. જેમાંથી ઘોઘંબા અને ધાનપુર તાલુકો અલગ અસ્તિત્વમાં આવેલ છે. ગુજરાત માં કોંગ્રેસની સરકાર હતી. ત્યારે દેવગઢ બારીયા તાલુકામાં આ બન્ને તાલુકાના ગામડા સમાવિષ્ટ હતા. જે સમયે પણ આ તાલુકામાં રોજગારી માટે કોઈ સ્ત્રોત સરકાર તરફથી ઉભા કરવામાં આવ્યા ના હતા. ગામડામાં રોડ રસ્તા અને પાણી અને આરોગ્યની સુવિધા પણ ના હતી. વર્ષો વીતી ગયા છતાંય તે સમયના નેતાઓએ ગામડાની જનતા માટે કઈ વિચાર્યું નહીં તેમ માની શકાય. સમય જતા ગામડામાં થોડો ઘણો વિકાસ થયો પણ લોકો માટે રોજગારીનો પ્રશ્ન યથાવત રહ્યો. દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકામાં શિક્ષિત બેરોજગારની સંખ્યા પણ ઘણી છે. જેમાં સ્નાતક કરતા વધારે ભણેલા પણ બહારગામ મજૂરી માટે જતા હોય છે.

દરેક ગામડામાં રોડ, રસ્તા પીવાનું પાણી અને સિંચાઈનું પાણી કુવા, બોર અને ચેકડેમ તથા પાઈપલાઈન મારફતે પાણી મળતા ખેડૂતો ઘણી જગ્યા એ બારેમાસ પણ ખેતી અને શાકભાજી કરી રહ્યા છે. જેના કારણે ખેડૂતોનું જીવન ધોરણ ઊંચું આવ્યું છે. પણ આર્થિક રીતે નબળી પરિસ્થિતિના મજૂરી વર્ગના લોકો હજુપણ બહારગામ મજૂરી કરવા જતા હોય છે. કારણકે સરકાર ની યોજના ઓ મળી તેનો લાભ લોકો લઈ રહ્યા છે પણ સ્થાનિક કક્ષા એ કોઈ મોટા ઔદ્યોગિક એકમ નહીં હોવાના કારણે આ વિસ્તારમાં રોજગારી નહીં મળતા પોતાના પરિવાર સાથે અહીંયાના શ્રમજીવીઓ મોટા શહેરો તરફ પ્રસ્થાન કરી રહ્યા છે. કેટલાય શ્રમીકો પરિવાર સાથે બાઈક ઉપર પોતાનું રાશનપાણી અને સામાન લઈને જતા હોય છે. દેવગઢ બારીયા, ધાનપુર અને પીપલોદ બસ્ટેન્ડ ઉપર વહેલી સવારે અને સાંજના સમયે શ્રમીકો પોતાના બિસ્તરા પોટલાં અને નાના છોકરા લઈને બેઠા નજરે પડતા હોય છે.

મોટા શહેરોમાં મજૂરી કામમાં ગયેલા આ શ્રમીકો વિધાનસભા ચૂંટણીમાં પોતાનો મત આપવા માટે આવ્યા હતા અને પોતાના મત નુ પરિણામ જાણવા માટે ઘરે રોકાઈ ગયા હતા. હવે પરિણામો જાહેર થઈ ગયા અને હવે મજૂરીવર્ગ ફરીથી પોતાનું વતન છોડીને રોજીરોટી માટે બહાર જઈ રહ્યા છે.

# ધાનપુરના અગાસવાણી ગામે આશ્રમ શાળામાં પ્રિન્સિપાલ સહિત ૨૫ બાળકોને ફુડ પોઈઝનીંગની અસર થતાં હોસ્પિટલમાં ખસેડાયા

દાહોદ,

ધાનપુર તાલુકાના અગાસવાણી ગામે આશ્રમ શાળામાં પ્રિન્સિપાલ સહિત ૨૫ થી વધુ બાળકોને ખોરાકી ઝેરની અસર થતાં નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે ની હાલત વધુ ગંભીર જણાતા તેઓને દાહોદ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં આરોગ્ય અધિકારી સહિતની ટીમે આશ્રમ શાળા ખાતે પહોંચી ભોજનના સેમ્પલ લઈ તપાસ હાથ ધરી હતી.



અગાસવાણી ગામે આવેલી શ્રી સત્યનામ આશ્રમશાળામાં એકથી પાંચ ધોરણમાં ૧૩૭ જેટલા બાળકો અભ્યાસ કરે છે. સાંજે ભોજન લીધા બાદ પ્રિન્સિપાલ સહિત ૨૫ થી વધુ બાળકોને ખોરાકી ઝેરની અસર થતાં તેઓને ઉલટી થવાની શરૂ થઈ હતી. જેના પગલે આશ્રમ શાળાના સંચાલકો તેમજ કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. એકસાથે ૨૫ થી વધુ બાળકોની તબિયત લથડતા તમામ બાળકોને નજીકના પ્રાથમિક સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જયાં બે બાળકોની હાલત વધુ ગંભીર જણાતા તેમને દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતા. આશ્રમ શાળાના બાળકોને ખોરાકી ઝેરની અસર થઈ હોવાની જાણ સ્થાનિક વહીવટી તંત્રને થતાં મામલતદાર તેમજ તાલુકા હેલ્થ ઓફિસર સહિત આરોગ્યની ટીમ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી હતી. બાળકોએ આરોગેલા ખોરાકના સેમ્પલો લઈ તેને તપાસ માટે લેબમાં મોકલી આપ્યા હતા. બાળકોને એકસાથે ખોરાકી ઝેરની અસર કેવી રીતે થઈ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# ઝાલોદ નગર ખાતે શ્રી ગુસાઈજી પ્રાકટય દિનની ઉજવણી કરવામાં આવી



ઝાલોદ,

માગસર સુદ ૮ ના દિવસે શ્રી રામદાસજી જતીપુરામાં શ્રીનાથજીનો શણગાર કરી રહ્યા હતા. તે વખતે શ્રીનાથજી એ રામદાસજીને કહ્યું હતું. જ્યારે પણ જન્માષ્ટમી આવે છે. ત્યારે શ્રી ગુસાઈજી મારો જન્મ દિવસ ખૂબ જ ધામધૂમથી મનાવે છે. મહિનાઓ પહેલાથી તૈયારીઓ કરવા લાગે છે અને શ્રી ગુસાઈજી પોતાનો જન્મ દિવસ પ્રકટ કરતા નથી અને ખૂબ જ સાદગી થી તેઓ ઉજવે છે પરંતુ મારી ઈચ્છા એવી છે આવતી કાલે શ્રી ગુસાઈજીનો પ્રાગટય દિવસ ધામધૂમથી ઉજવીએ. રામદાસજી એ કહ્યું પ્રભુ એ કઈ રીતે..? ત્યારે શ્રીનાથજી એ કહ્યું શ્રી ગુસાઈજીનું સ્વરૂપ છે. તેવી જ સામગ્રી બનાવો. ત્યારે રામદાસજી એ કહ્યું પ્રભુ આપ જ આજ્ઞા કરો. ત્યારે શ્રીનાથજી એ કહ્યું એવી સામગ્રીતો જલેબી છે, જે અંદર થી પણ રસમય અને બહારથી પણ રસમય હોય છે. આ વાત શ્રી રામદાસજી એ બહાર આવી વૈષ્ણવોને કરી ત્યાં ઉભેલા સદુપાંડેજી એ કહ્યું ઘી અને મેંદો હું આપીશ. ધીરે ધીરે બધાં વૈષ્ણવોના ફાળાથી સામગ્રી ભેગી કરીને વૈષ્ણવોના ફાળથી ટોપલા ભરી જલેબી સિદ્ધ કરી માગસર વદ-૯ ના દિવસે રાજભોગ વખતે ધરીને જ્યારે શ્રી ગોસાઈ ગોકુળથી પધાર્યા ત્યારે જોયું કે જલેબીના ટોપલામાં ખૂબ બધાં ભોગ આવ્યા છે. ત્યારે શ્રીગોસાઈજી એ રામદાસજીને પૂછયું આજે શું ઉત્સવ છે. ત્યારે રામદાસજી કૃપાનાથ આજે સ્વયં શ્રીનાથજી એ આપનો જન્મદિન મનાવ્યો છે. આ સાંભળી શ્રીગોસાઈજી ખૂબ પ્રસન્ન થયા. તે દિવસથી શ્રીગોસાઈજીના ઉત્સવને જલેબી ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે, તેથી ઠાકોરજીને જલેબી અચૂક ધરાવવામાં આવે છે.

ઝાલોદ નગરમાં વણિક સમાજદ્વારા શ્રી ગુસાઈજીનો પ્રાકટય દિનની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. વણિક સમાજ દ્વારા શ્રીગુસાઈજીનાં પ્રાગટય ઉત્સવ ઉજવવા માટે વણીક સમાજના સહુ લોકો ખૂબ મોટા પ્રમાણમાં જોડાયા હતા. બપોરે મંદિર ખાતે નંદ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. સાંજે શ્રીજી મંડળની બહેનો દ્વારા કળશયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સમાજના સહુ લોકોએ ભેગા થઈ શ્રીગોસાઈજીનાં ઉત્સવ રૂપે શોભાયાત્રા કાઢી મનાવ્યો હતો. શોભાયાત્રા દરમ્યાન રાસ ગરબા, ભજનોની રમઝટ સાથે સહુ કોઈ વૈષ્ણવો એ આનંદ લીધો હતો. ત્યાર બાદ સહુ વૈષ્ણવો દ્વારા રાત્રે સમાજની વાડીમાં સમૂહ મહાપ્રસાદ પણ લીધો હતો. આંમ, આજ રોજ વૈષ્ણવ સમાજ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# વસંત મસાલાના સંશોધક બાપુલાલ ભંડારીની પુણ્ય સ્મૃતિ નિમીત્તે તેમના પરિવાર તરફથી સ્વેટર વિતરણ કરાયા



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ ખાતે પ્રજાપિતા બ્રહ્મા કુમારીઝ વિશ્વ વિદ્યાલય ખાતે વસંત મસાલા દ્વારા સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રોગ્રામમાં સહુ પ્રથમ મીતાદીદી દ્વારા એક સરસ કવિતા દ્વારા પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. મીતાદીદી દ્વારા વસંત મસાલાના સહુ સ્ટાફ મેમ્બરોને ખૂબ જ સરસ મોટિવેશન સ્પીચ આપવામાં આવી હતી. એક બીજાના આચાર વિચાર વિશે મીતાદીદી દ્વારા સુંદર સમજ આપી હતી. તેમજ સહુને આશીર્વચન આપી શુભકામનાઓ પાઠવી હતી. તેમને વસંત મસાલાના સંશોધક બાપુલાલ ભંડારીને યાદ કરતા કહ્યું હતું કે, તેમણે પ્રજાપિતા બ્રહ્મા કુમારીઝ વિદ્યાલયને ઉભું કરવા માટે ખૂબ સહયોગી બન્યાં છે. તેમની સ્મૃતિને વાગોળી હતી.

તારીખ ૧૮/૧૨/૨૦૨૨ રવિવારના રોજ વસંત મસાલા પ્રાઈવેટ લીમીટેડના સંશોધક બાપુલાલ ભંડારીની પૂણ્યસ્મૃતી નિમિત્તે વસંત મસાલા પરિવાર દ્વારા ફેક્ટરી સ્ટાફના દરેક સભ્યોને ઠંડી થી બચવા માટે ગરમ સ્વેટરનું વિતરણ બ્રહ્માકુમારીઝ ઝાલોદના સહયોગથી બ્રહ્માકુમારીઝ સેન્ટર ઉપર આપવામાં આવ્યા હતા.

તેમાં કપનીનો આખો સ્ટાફ પોતાના પરિવાર સાથે પ્રોગ્રામમાં ઉપસ્થિત રહ્યો હતો. જેમાં મીતા દીદીએ સુંદર પ્રવચન આપીને સ્વેટર વિતરણના આ કાર્યક્રમને સફળ કર્યો હતો અને છેલ્લે ચા નાસ્તાની વ્યવસ્થા પણ બ્રહ્માકુમારીઝ દ્વારા કરવામાં આવી હતી. વસંત મસાલા પ્રાઈવેટ લીમીટેડ દ્વારા આવી અનેક એક્ટીવિટીના કાર્યો અવાર નવાર થતા રહે છે, જે ખુબજ આવકાર્ય છે.

# સંજેલી CHC કેન્દ્ર ખાતે બાળ સેવા કેન્દ્રમાં કુપોષિત બાળકોને સારવાર આપવામાં આવી



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

ગ્રામ્ય વિસ્તારોમાં માંથી કુપોષણ મુક્ત અભિયાન અંતર્ગત કુપોષિત બાળકોને દાખલ કરી તેમની સારવાર કરવામાં આવે છે. બાળકોને અને તેમની સાથે આવેલ માતાને વિના મૂલ્યે (મફત)માં જમવાનું પણ આપવામાં આવે છે. સંજેલી તાલુકાના નાગરિકો દ્વારા સતત લાભ લે તે માટે આરોગ્યના કર્મચારીઓ સતત પ્રયત્નશીલ છે.

તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર હિતેશ ચારેલ અને રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમની ટીમ મેમ્બર ડોક્ટર યોગેન્દ્ર રતેડા ડોક્ટર કિંજલ બામણીયા ફીમેલ હેલ્થ વર્કર પ્રેમીલાબેન દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને ત્યાં દાખલ બાળકો અને તેમની સાથે આવેલ માતાઓને વહેલા સ્તનપાનનું મહત્વ, બાળકના વિકાસ માટે જરૂરી ખોરાક, પોષણયુક્ત આહાર વિશે સમજણ આપી માહિતગાર કરવામાં આવ્યા હતા મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# દે.બારીઆના મેન્દ્રા ગામે આશ્રમ શાળામાંથી ગુમ થયેલ ૪ બાળકીઓ પોલીસે શોધી કાઢી પરિવારજનોને સોંપી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના મેન્દ્રા ગામે આવેલી આશ્રમ શાળામાંથી આઠથી નવ વર્ષની ચાર બાળકીઓ ગુમ થઈ જતાં શાળાના સ્ટાફ દ્વારા આસપાસના વિસ્તાર તેમજ ગામમાં તપાસ કરતા બાળકીઓ મળી ન આવતા બાળકીઓનુ અપહરણ થયુ હોવાનુ જણાતા પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે અલગ અલગ દસ ટીમો બનાવી તપાસ હાથ ધરતા બાળકીઓ મળી આવતા આશ્રમનો સ્ટાફ તેમજ પરિવારજનો સહિત પોલીસે હાશકારો લીધો હતો.

મેન્દ્રા ગામે આવેલા અનુદાનિત નિવાસી પ્રાથમિક આશ્રમ શાળામાં એકથી આઠ વર્ગ આવેલા છે. આ આશ્રમશાળામાં દાહોદ તેમજ પંચમહાલના અલગ અલગ વિસ્તારના આંતરિયાળ ગામોના ૮૯ છોકરાઓ તેમજ ૬૫ છોકરીઓ મળી કુલ ૧૫૪ વિદ્યાર્થીઓ અહિં રહી અભ્યાસ કરે છે. તા.૧૬મી એ રાત્રે આઠ વાગ્યે બાળકો પોતાના રૂમમાં સુવા જાય તે પહેલા હાજરી પુરતા ૪ બાળકી વિનુ સરદાર બારીયા(ઉ.વ.૧૦, ધો-૫), મેનકા ગણપત બારીયા(ઉ.વ.૯,ધો-૩), રાજન સરદાર બારીયા(ઉ.વ.૮, ધો-૫)અને હિરલ રાજેશ બારીયા (ઉ.વ.૮ ધો-૨)હાજર જણાઈ આવી ન હતી. આ ચારેય બાળકીઓ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ઓટાળ ગામની રહેવાસી હોવાનુ જણાતા આશ્રમના સ્ટાફ દ્વારા પ્રથમ તેઓની આસપાસના વિસ્તાર સહિત ગામમાં શોધખોળ કરી હતી. પરંતુ બાળકીઓનો કોઈ પત્તો મળી આવ્યો ન હતો. આખરે આચાર્ય બાબુભાઈ ભીખાભાઈ પટેલે મોડીરાતે દે.બારીઆ પોલીસ મથકે જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ચાર બાળકીઓ ગુમ થઈ હોવાની વાતને લઈ જિલ્લા પોલીસ વડા તેમજ એ.એસ.પી.પણ આશ્રમે પહોંચી ગયા હતા. પોલીસે એલ.સી.બી., એસ.ઓ.જી., ફર્લો સ્કવોર્ડની ટીમો સહિત અન્ય તાલુકાની પોલીસ પણ બોલાવી ૧૦ જેટલી અલગ અલગ ટીમો બનાવી મેન્દ્રા ગામેથી પાવાગઢ તરફ દે.બારીઆ નગર તેમજ સાગટાળા વિસ્તાર સહિતના ગામોમાં તપાસ હાથ ધરવા સાથે સીસીટીવી ફુટેજની ચકાસણી હાથ ધરી હતી. દરમિયાન સવારે ૮ વાગ્યે મેન્દ્રા ગામની નજીકમાં આવેલા ભુવાલ ગામે આ ચાર છોકરીઓ હોવાની પોલીસને જાણ થતાં પોલીસે ભુવાલ ગામે પહોંચી ચાર છોકરીઓનો કબ્જો મેળવી તેમને આશ્રમશાળા ખાતે પરત લાવી હતી. પોલીસે ચારેય બાળકીઓને તેમના પરિવારજનોને સોંપતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા.

# ગરબાડાના ગાંગરડી ગામે પૂર્વજોના ગાતલાના મંદિર ખાતે ગાતલા પૂજા અને ગાયત્રી હવન કરાયું



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના ગાંગરડી ખાતે તારીખ ૧૮ ના સોલંકી તથા પરમાર દરજી સમાજના લોકો દ્વારા ટૂંકી રોડ પર આવેલ તેમના પૂર્વજોના ગાતલાના મંદિર ખાતે પારંપરિક ગાતલા પૂજન તેમજ ગાયત્રી યજ્ઞ પ્રસાદીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગરબાડા ગાંગરડી અને દાહોદ થી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે આ કાર્યક્રમ દિવાળી પર આવતી તીજ ચોથના દિવસે કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે અમુક કારણોસર આ કાર્યક્રમ દિવાળી પર ન કરીને તારીખ ૧૮ ના કરવામાં આવ્યો હતો.

# દાહોદમાં વકીલ મંડળની ચૂંટણીમાં પ્રમુખ પદના બંને ઉમેદવારોને સરખા મત મળતાં ટાઇ પડી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં વકીલ મંડળની ચૂંટણી યોજાઇ હતી. તેમાં પ્રમુખ પદ માટે ઉભેલા બે ઉમેદવારોને સરખે-સરખા મત મળ્યા હતાં. સામાન્ય રીતે આ પરીસ્થિતિમાં સિક્કો ઉછાળીને પ્રમુખની વરણી કરાતી હોય છે, પરંતુ અહીં બંને વજેતાઓ ૬-૬ માસ પ્રમુખ રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

ધી બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની સૂચના મુજબ ગુજરાત રાજ્યમાં દરેક જિલ્લામાં વકીલ મંડળની ચૂંટણી યોજાઇ હતી. ત્યારે દાહોદ શહેરમાં પણ દાહોદ જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારોની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ તરીકે અજીતસિંહ કે.કટારા તથા ગણતસિંહ ડી. દાંતલાને સમાન મત ૬૯ મળ્યા હતાં. ટાઇ પડતાં સિક્કો ઉછાળીને પ્રમુખની વરણી કરવાના સ્થાને પ્રમુખપદના બન્ને હોદ્દેદારોએ છ માસની ટર્મ નક્કી કરી પ્રમુખ પદે રહેવા માટે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં ઉપપ્રમુખ પદે સંજય જે. રાઠોડ તથા મંત્રી પદે સંજય કે મકવાણા જંગી બહુમતીથી વિજેતા થયા હતાં. સહમંત્રી તરીકે તથા ખજાનચી તરીકે દિનેશ ભુરિયા તથા સુભાષ સંગાડા બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતાં. આષુતોષ પી.ઔદીચ્યએ પરિણામ જાહેર કરી તમામ હોદ્દેદાર અને વકીલમંડળના સભ્યોનો શાંતિપૂર્ણ રીતે સંમ્પન્ન થઈ હતી.

# સંજેલીના જસણી મુવાડી ગામે સંસ્કાર વિદ્યાલયના સંચાલકનો તા.પં.અધ્યક્ષ પર ગુપ્તીથી હુમલો

સંજેલી,

સંજેલી તાલુકાના જસણી મુવાડી ગામની વર્ગ પ્રા.શાળા જર્જરિત હોય જેથી તેનુ સમારકામ કરવાને લઈને શિક્ષકોએ બાળકોને ઘરે મોકલી દીધા હતા. જે બાદ સંજેલી ખાતે ઝાલોદ રોડ પર રહેતા સંસ્કાર વિદ્યાલયના સંચાલક રતનસિંહ બારીયા શાળાના ખોટી રીતે ફોટા પાડી અને શાળા તેમજ ગામને બદનામ કરવા માટે સોશિયલ મીડિયામાં ફોટા વાયરલ કર્યા હતા. જેથી ગામમાં રહેતા વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા આ બાબતની જાણ થતાં જસુણી ખાતે તાલુકા પંચાયતના અદયક્ષ મહેદીપભાઈ પલાસ અને પુર્વ સરપંચ મહેન્દ્રભાઈ પલાસ પાસે ગયા હતા અને જણાવ્યુ હતુ કે, આપણી ગામની શાળાને ગામને ખોટી રીતે ફોટા પાડી અને બદનામ કરવા માંગે છે. તે બાબતને લઈને પુછવા માટે સંજેલી ખાતે આવેલી સંસ્કાર વિદ્યાલયના સંચાલકની ઓફિસમાં ગયા હતા. તે દરમિયાન સંચાલ એકદમ ઉશ્કેરાઈ જઈ અને કીધુ કે તુ મને પુછવા વાળો કોણ તેમ કહી તાલુકા પંચાયતના અદયક્ષને ગડદાપાટુનો માર મારી તેમજ તેની સાથે રહેલો તેરસિંગ જોતી ડીંડોર સતીશ લક્ષ્મણ બામણિયા માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ ટેબલ નીચે મુકેલી લોખંડની ગુપ્તી છોટવી લીધેલ હતી. અદયક્ષને પીઠના ભાગે અને હાથના ભાગે અને કાંડાના ભાગે ઈજાઓ થતાં સરકારી દવાખાના ખાતે સારવાર મેળવી અને સંજેલી પોલીસ મથકે સંસ્કાર વિદ્યાલયના સંચાલક રતનસિંહ બારીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# દાહોદ જીલ્લામાં અલગ અલગ જગ્યાએ ત્રણ ઈસમોએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લામાં ત્રણ જુદાજુદા બનાવોમાં ત્રણ ઈસમોએ મોતને વહાલું કરતા સીઆરપીસી ૧૭૪ મુજબ દાહોદ જિલ્લા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માત મોત અંગે નો પહેલો બનાવ સીંગવડ તાલુકાના ચુંદડી ગામના ડુંગરભીંત ફળિયા ખાતે નોંધવા પામી છે જેમાં મરણ જનાર ૫૦ વર્ષીય રમણભાઈ સેનાભાઈ બારીયા ગતરોજ ઘરેથી કનુભાઈ ને ત્યાં દૂધનો ખાલી લોટો આપવા જવાનું કહી ઘરેથી નીકળ્યા હતા, પરંતુ સાંજ સુધી ઘરે ન પહોંચતા સ્વજનો તેમજ ગામજનો દ્વારા શોધખોળ આદરતા રમણભાઈ સેનાભાઈ બારીયાની લાશ નજીકના કેનાલના પાણીમાંથી મળી આવી હતી. જે બનાવ સંદર્ભે તેમના પુત્ર સુરેશભાઈ રમણભાઈ બારીયાએ રણધીકપુર પોલીસ મથકે જાહેરાત આપતા પોલીસે સીઆરસીસી ૧૭૪ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માત મોત અંગેનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દુધિયા સત કેબલ ફળીયા ખાતે બનવા પામ્યો છે. જેમાં ૨૮ વર્ષથી ભવનભાઈની પત્ની ઘરેથી રિસાઈને તેના પિયરમાં ચાલી ગઈ હતી. ત્યારબાદ પવનભાઈ તેમને લેવા જ સાથે પરતના આવતા તેમના નાના છોકરાને પણ મળવા ન દેતા ભવનભાઈને મનમાં લાગી આવ્યું હતું અને તેઓએ ફિનાઈલની દવા ગટગટાવી મોતને વ્હાળું કર્યું હતું. આ બનાવ સંદર્ભે દુધિયા ગામના કનુભાઈ મોહનભાઈ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે સીઆરપીસી ૧૭૪ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માત મોત અંગે નો ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના વગેલા ગામે બનવા પામ્યું છે. જેમાં ઝાલોદ તાલુકાના ગામડી રોડ હરીજનવાસ ખાતેના ૨૬ વર્ષીય મેહુલભાઈ રમેશભાઈ પરમારે ગતરો તેમની સાસરી વગેલા ગામે આગમ્ય કારણોસર જહેરી દવા ગટગટાવી મોતને મીઠું કરી લીધું હતું. આ બનાવ સંદર્ભે રાહુલભાઈ રમેશભાઈ પરમારે ચાકલીયા પોલીસ મથકે ગુનો નોંધાવતા ચાકલિયા પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

# લીમખેડામાં ખુલ્લામાં જુગાર રમતા ૪ જુગારીયા ઝડપાયા

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી ચાર જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ચારેય જુગારીઓ પાસેથી અંગ ઝડતી દરમિયાન ૧૨,૫૦૦ રોકડ રકમ અને ૫૫૦૦ રૂપિયાના મોબાઈલ મળી કુલ ૧૮,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય જુગારીયાઓ વિરૂદ્ધ જુગાર ધારા અંતર્ગત ગુનો દાખલ કર્યો છે.

ગત તારીખ ૧૬/૧૨/૨૦૨૨ ના રોજ લીમખેડા શાસ્ત્રી ચોકના રહેવાસી સંતોષ ભાઈ રસિકલાલ સોની, દેવગઢ બારીયા આગાસવાની ગામના ગુલાબભાઈ મોહનભાઈ સંગાડા, ધાનપુર ગામના દેસીંગ ભલાભાઈ મીનામા તેમજ લીમખેડા પાલ્લીના ચતુર મંગળા મેડા લીમખેડા નગરમાં કેબીનોની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહ્યા હતા. તે સમયે પોલીસે દરોડો પાડી ઉપરોક્ત ચારેયને ઝડપી પાડ્યા હતા અને અંગ ઝડતી દરમિયાન તેઓની પાસેથી ૧૨,૫૦૦ તેમજ ૫,૫૦૦ રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન મળી ૧૮ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય જુગારીયાઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.100

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકાના કરાડ અને ગોમા નદી ઉપરના

# ધોવાઈ ગયેલ બે ચેકડેમોનું સમારકામ વહેલી તકે થાય તેવી ખેડુતોની માંગ





- ચોમાસામાં ચેકડેમ ધોવાઈ જતાં પાણી સંગ્રહ નહિ થતાં ખેડુતોને સિંચાઈના પાણીની તકલીફ.
- ચેકડેમ તુટવાથી પાણી સંગ્રહ ન થતાં ભૂર્ગભ જળસ્તર ઉંડે જતાં પશુપાલકોને પાણી માટે રઝડતાટ.

ગોધરા, કાલોલ તાલુકાની જીવાદોરી સમાન કરાડ અને ગોમા નદી પર બનાવવામાં આવેલ બે ચેકડેમો ચોમાસાની સીઝનમાં ક્ષતિગ્રસ્ત થતાં ખેડુતોને સિંચાઈ માટે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. ત્યારે કરાડ અને ગોમા નદી ઉપરના ચેકડેમોની મરામત વહેલી કરવામાં આવે તેવી માંગ ખેડુતો દ્વારા કરાઈ છે.

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના બરોલા, મધવાસ ગામ પાસેથી પસાર થતી કરાડ નદી ઉપર આવેલ મોટો ચેકડેમ ચોમાસાની સીઝનમાં નદીમાં આવેલ ભારે પાણીના પ્રવાહને લઈ તુટી જવા પામ્યો હતો. જેને લઈ ચેકડેમમાં સંગ્રહીત થતું પાણી નદીમાં વહી જવા પામ્યું હતું. સાથે ધસમસતા પાણીના પ્રવાહને લઈ નદી કિનારા વિસ્તારની જમીનોનું પણ મોટા પ્રમાણમાં ધોવાણ થવા પામ્યું હતું. ચેકડેમનું ધોવાણ થઈ જતાં ખેડુતો દ્વારા ચેકડેમમાં પાણીનો સંગ્રહ થાય તે માટે સ્વખર્ચેથી માટીનું પુરણ કરવામાં આવ્યું હતું. જેને લઈ બાકીના પાણીને વહેલું અટકાવી શકાય ચોમાસાની સીઝનમાં પાણીના પ્રવાહમાં ધોવાણ થયેલ ચેકડેમનું સિંચાઈ વિભાગ દ્વારા કામચલાઉ તુટેલા ભાગનું સમારકામ કરવામાં આવ્યું હતું. પરંતુ બન્ને ચેકડેમમાં પાણીનો સંગ્રહ ન રહેતા હાલ ખેડુતોને સિંચાઈનું પાણી મળતું નથી. કરાડ અને ગોમા નદી ઉપર લાખો રૂપીયાના ખર્ચે બનેલ ચેકડેમોને લઈ સંગ્રહિત થતાં પાણીને લઈ આ વિસ્તારમાં ભૂર્ગભ જળ જળવાતું હતું. તે જળસ્તર પણ નીચે જવાને લીધે પશુપાલનનો વ્યવહાર કરતાં ખેડુતોને પણ પાણી વગર ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારની સિંચાઈ વિભાગ દ્વારા ગોમા નદી અને કરાડ નદીના ચેકડેમોનું કાયમી સમારકામ કરવા માટે પ્લાન એસ્ટીમેન્ટ વડી કચેરીમાં મંજુરી માટે મોકલવામાં આવ્યું છે. ગોમા નદી અને કરાડ નદીના ચેકડેમ વિસ્તારમાં આવતાં ગામોના ખેડુતો દ્વારા સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે બન્ને ચેકડેમોના સમારકામ કરવામાં આવે જેથી આગામી ચોમાસાની સીઝનમાં પાણીનો સંગ્રહ થાય અને ખેડુતોને સિંચાઈનો લાભ મળે સાથે ભૂર્ગભ જળસ્તર જળવાઈ રહે હાલ તો ખેડુતો આશા રાખી રહ્યા છે કે, ચેકડેમનું સમારકામ વહેલું થાય છે કે ચોમાસું વહેલું આવે છે.

### ચેકડેમ તુટી જતાં પાણી સંગ્રહના અભાવે ભૂર્ગભ જળસ્તર નીચે ગયા

કાલોલ તાલુકાના ગોમા અને કરાડ નદી ઉપર બનાવાવમાં આવેલ ચેકડેમો ચોમાસાની સીઝનમાં ધોવાઈ જતાં ખેડુતો સિંચાઈના પાણીથી વંચિત રહ્યા છે. ચેકડેમમાં પાણી સંગ્રહ નહિ થવાને લઈ પીવાના પાણી અને સિંચાઈ પાણી ઉપલબ્ધ કરાવવામાં કુવાઓ, બોરવેલમાં પણ પાણીના સ્તર નીચે જતાં ખેડુતો બન્ને નદીઓના ચેકડેમના સમારકામ વહેલી તકે થાય તેવી માંગ કરી રહ્યા છે.

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના કંડાચ, રામનાથ ગામોમાં ચાલુ વર્ષ દરમિયાન ચેકડેમોમાં નુકશાન થવા પામ્યું હતું. જેનાથી ચેકડેમમાં માટીનું ધોવાણ થવા પામ્યું હતું. ચેકડેમમાં ટેમ્પરરી રિસસ્ટોલ કરવામાં આવ્યું છે. જ્યારે કાયમી કામ કરવા માટે ઉપરથી મંજુરી માંગવા આવેલ છે. જે મંજુરી આવશે એટલે કામ ચાલુ કરવામાં આવશે.
**એ.એ.શિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર, પાનમ ડેમ**

## ગોધરા ગ્રામ્ય મામલતદાર કચેરી અને પ્રાંત કચેરીઓમાં

# બોગસ ખેડુતોના લાખો રૂપીયાના વહીવટ અધિકારીઓના નામે કરતાં વચેટીયાઓ સામે કાર્યવાહી માટે મુખ્યમંત્રીને લેખિત રજુઆત

### ગોધરાના મહેસુલ વિભાગમાં વચેટીયાઓ દ્વારા થતાં વહીવટ માટે અખિલ ભારતીય હિન્દુ સભાના પ્રભારી દ્વારા રજુઆત....

ગોધરા, ગોધરા તાલુકા ગ્રામ્ય મામલતદાર અને પ્રાંત કચેરીમાં વચેટીયાઓ દ્વારા ચાલતા વહીવટને અવારનવાર રજુઆત છતાં કાર્યવાહી કરવામાં નહિ આવતાં અખિલ ભારતીય હિન્દુ મહાસભાના પ્રભારી દ્વારા રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી.

પંચમહાલ જીલ્લાની ગોધરા તાલુકા ગ્રામ્ય મામલતદાર કચેરી તથા પ્રાંત અધિકારીની કચેરી બહાર વચેટીયાઓ દ્વારા અધિકારીઓના નામે ઉઘરાણા કરવામાં આવી રહ્યા છે. આ બાબતે વારંવાર પત્ર થી તેમજ રૂબરૂમાં રજુઆત કરવામાં આવી હોય છતાં વચેટીયાઓ દ્વારા પૈસના જોરે બની બેઠેલા બોગસ ખેડુતો છે. તેવા લોકોની દલાલી કરવામાં આવી રહી છે. આવા વચેટીયા દલાલોની રજુઆત કરી દયાન દોરવા છતાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી. તે જોતાં આવા વચેટીયા દલાલો સાથે અધિકારીઓ, કર્મચારીઓની સાંઠગાંઠ હોવાનું ફલિત થાય છે. આ બાબતે અખિલ ભારતીય હિન્દુ મહાસભાના પ્રભારી આશીષ પટેલ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી ગોધરા ગ્રામ્ય મામલતદાર અને પ્રાંત કચેરીમાં વચેટીયાઓ દ્વારા ભૂમાફિયાઓ પાસેથી મસમોટા રૂપીયા લઈને ગરીબ ખેડુતોને લુંટવા આવી રહ્યા છે. પંચમહાલ ગોધરા મહેસુલ વિભાગમાં રૂપીયાના જોરે કામો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગોધરા ગ્રામ્ય મામલતદાર કચેરી અને પ્રાંત કચેરી બહાર આવા વચેટીયા દલાલો બની અધિકારીઓના નામે ઉઘરાણા કરતાં તત્વો ઉપર લગામ કસીને કાર્યવાહી કરવામાં આવે તેવી રજુઆત મુખ્યમંત્રીને કરવામાં આવી છે.


# અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળમાં પ્રતિનિધી તરીકે બિનહરીફ વરણી થતાં સમાજમાં આનંદ



ગોધરા, શ્રીમાળી સોની સમાજની આંતરરાષ્ટ્રીય સંસ્થા અખિલ હિંદ શ્રીમાળી સોની મહા મંડળ જેની સ્થાપના ગુજરાત ના સુવિખ્યાત બાળ કથાકાર સ્વ. રમણલાલ સોનીએ કાર્તિક સુદિ પૂર્ણિમા,વિક્રમ સંવત૧૯૯૯, તાઃ૨૬/૧૧/૧૯૩૯/ ના રોજ ડાકોર મુકામે કરેલ અને સમગ્ર ભારત વર્ષના માળી સોની સમાજના આર્થિક, સમાજિક ઉત્થાન અને સમાજની એકતા, અખંડિતતા જાળવી સંગઠન ની ભાવના કેળવવાના ઉદ્દેશ સાથે કરવામાં આવેલી.

આ સંસ્થાના આજે ભારત ઉપરાંત અમેરિકા, યુરોપ, લંડન, દુબઈ જેવા સ્થાનોમાં વ્યવસાય અર્થે વસતા અનેક સભ્યોના સંગઠનનું વટવૃક્ષ બની ગયેલ છે અને અતિ આનંદની વાત એ છે કે તેનું મુખ્ય કાર્યાલય અમદાવાદ છે. આજે આઠ–આઠ દાયકાથી સમાજની આ શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહા મંડળની મહા સમિતિના અનેક વિભાગોના સભ્યો ચૂંટાઈને જઈ પોતાના વિસ્તારના સમાજના પ્રશ્નોની રજૂઆત કરી મહામંડળની યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ પરિવારજનોને અપાવે છે. આં સંગઠન સાથે સમાજ સેવાની કામગીરી સુપેરે ચાલે છે. દર પાંચ વર્ષે મહા મંડળમાં હોદેદારોની છે. જેમાં હાલના પ્રમુખ ડો.જયેન્દ્રભાઈ રાણપુરા, ઉપપ્રમુખ હેમેન્દ્રભાઈ બી.સોની અને મેનેજીંગ ટ્રસ્ટી શશીકાંતભાઈ બી. પાટડિયા સેવા આપે છે. સંસ્થાનું મુખપત્ર શ્રીમાળી સોની જાગૃતિ માસિક મેગેઝિન પ્રસિદ્ધ થાય છે. સંસ્થાનું કાર્યાલય નવરંગપુરામાં અને વાડજ અમદાવાદ ખાતે છાત્રાલય કાર્યરત છે. મહા મંડળની ગોધરા બેઠક પર અગાઉ ગોધરા અને હાલોલ સોની સમાજના અગ્રણીઓ વચ્ચે અઢી વર્ષ બન્ને સમાજના પ્રતિનિધિ જશે અને પ્રથમ ગોધરા થી અને ત્યાર બાદ હાલોલ શ્રીમાળી સોની સમાજના પ્રતિનિધિ મહાસમિતીના સભ્ય તરીકે જાઈ તે મુજબ પાછલા અઢી વર્ષ માટે હાલોલના મૌલેશ ઉર્ફે મોન્ટુભાઈ નાનુભાઈ સોનીની બિનહરીફ નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓના હાલોલ થી પરમાનંદ સોની, પ્રવીણ બી. સોની, દિલીપ ચોકસી, પ્રવીણ એમ. સોની, કલ્પેશ આર. સોની, અમિત ડી. સોની, સતીશ ડી સોની, હર્ષિત પી. સોની, જતીન વી. સોની, હિમાંશુ એસ. સોની, વિશાળ એસ. સોની, સુરેસ એસ. સોની, સુરેશ જે. સોની, કાલોલ થી રાજેન્દ્રભાઈ સોની, મુકેશભાઈ સોની, મુકુંદભાઈ સોની, વસંતભાઈ સોની,ગોધરા થી દિપકભાઈ સોની, સંજયભાઈ સોની, ધર્મેન્દ્રભાઈ મહાજન, શલિલભાઈ સોની, કિરણભાઈ સોની, ભરતભાઈ સોની, ગોપાલભાઈ સોની, જીતુભાઈ સોની, રાજીવભાઈ આર. સોની, શિવરાજપુર થી કનુભાઈ સોની, સુરેશભાઈ સોની તમામે અભિનંદન સાથે શુભેચ્છા વ્યક્ત કરી છે.

## ગોધરા APMC ખાતર ડેપો માંથી ૩૦ મેટ્રીક ટન ખાતરનો જથ્થો ઉપલબ્ધ થતાં ખેડુતોમાં ખુશી



ગોધરા, ગોધરાના એપીએમસી ખાતર ડેપો ખાતેથી ખાતરનો જથ્થો ઉપલબ્ધ કરવાની સગવડ કરવામાં આવતા ખેડુતોમાં ખુશી જોવા મળી છે.

પંચમહાલ જીલ્લામાં ખેડુતો દ્વારા રવિ સીજનમાં મોટા પ્રમાણમાં પાકોનું વાવેતર કરવામાં આવેલ છે. હાલ પાકોને ખાતરની જરૂરીયાત હોય તેવા સમયે ખાતરની કૃત્રિમ અછત સર્જાતા ખેડુતોના પાકને થતા નુકશાનને લઈ પરેશાની હતી. ત્યારે રાજયકક્ષાના કૃષિમંત્રી બચુભાઈ ખાબડે ગોધરા એપીએમસીની મુલાકાત લઈને ખાતરની સમસ્યા હલ કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી. તે મુજબ પંચમહાલ જીલ્લા સહિત ગોધરા એપીએમસી ખાતર ડેપો ખાતે ૩૦ મેટ્રીક ટન ખાતરનો જથ્થો અગામી દિવસોમાં ઉપલબ્ધ કરવાની સગવડ કરવામાં આવશે. ગોધરા એપીએમસી ખાતે યુરીયા ખાતરના જથ્થાનું વેચાણ શરૂ કરતાં ખેડુતોની કતાર લાગી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ખેડુતો ખાતર માટે રઝળપાટ કરતા હતા. ત્યારે ખાતરનો જથ્થો મળતા ખેડુતોમાં ખુશી જોવા મળી.


## ગોધરા આયુષ એશો.ના આગામી વર્ષ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી



ગોધરા, ગોધરા શહેર અને તાલુકામાં પ્રેક્ટિસ કરતા આયુર્વેદિક અને હોમિયોપેથીક ડોકટરના એશોશીએશન એટલે કે આયુષ એશો. છેલ્લા ૨૦ વર્ષ થી કાર્યરત છે. જેની વાર્ષિક સાધારણ સભા ગોધરાના શામળાજી મેડિકલ કોલેજ ખાતે યોજાઈ ગઈ. જેમાં આગામી વર્ષ માટે નવા હોદ્દેદારો અને કારોબારીની વરણી કરવામાં આવી હતી. આગામી વર્ષ માટે ડો. વિમલભાઈ જોષીને પ્રમુખ તરીકે અને ડો. હર્ષદ મહેરાને મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. એશો. ના ઉપપ્રમુખ તરીકે ડો. સમીર મેમણ અને ડો પ્રિતેશ પટેલ અને સહમંત્રી તરીકે ડો. હિરેનભાઈ પટેલની વરણી કરવામાં આવી એશો. ની એડવાઈઝરી કમીટીમાં ડો. વિજય પટેલ તેમજ ડો. વિશાલ સોનીની વરણી કરવામાં આવી. તેમજ ૨૧સભ્યોની કારોબારી સમિતિની નક્કી કરવામાં આવી હતી.

મિટિંગ દરમિયાન ભૂતપૂર્વ પ્રમુખના વક્તવ્યની સાથે આગામી આયોજનની ચર્ચા અને સમાજના સ્વાસ્થ્યની સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિઓ કરવા ચર્ચા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એશો. ના મહામંત્રી ડો. હર્ષદ મહેરા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શહેરા ધાંધલપુર સ્વામિનારાયણ મંદિર ખાતે જેઠાભાઈ ભરવાડનું સંતો અને હરિભક્તો દ્વારા સ્વાગત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ધાંધલપુર ગામના સ્વામિનારાયણ મંદિર ખાતે રાખવામાં આવેલ સન્માન સમારંભમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનું સંતો અને હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

શહેરા તાલુકાના ધાંધલપુર ગામમાં આવેલ મણિનગર સ્વામિનારાયણ ગાદી સંચાલિત સ્વામિનારાયણ મંદિર ખાતે છઠ્ઠી વખત વિજય થયેલા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનો સન્માન સમારંભ મંદિરના સંતો દ્વારા રાખવામાં આવ્યો હતો. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનું સ્વામિનારાયણ સંપ્રદાયના સંત શિરોમણી યોગપ્રિય દાસજી સ્વામી, સંત શિરોમણી ઘનશ્યામ સ્વરૂપ દાસજી સ્વામી, સંત હરીપ્રિય દાસજી, દિવ્યનિલય સ્વામી, સ્વામી ધર્મતન્ય તેમજ સ્વામીનારાયણ મંદિરના પૂજારી મંગળસિંહ બારીયા, હરી ભક્ત દુધાભાઈ બારીયા, મંગળભાઈ પટેલ, ભૂપતસિંહ બારીયા સહિત ઉપસ્થિત સંતો અને હરિભક્તો દ્વારા બુકે તેમજ ફુલહાર પહેરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહી ઉપસ્થિત બહેનોને માનવસેવા અભિયાન અંતર્ગત ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના વરદહસ્તે સાડીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ મંદિર ખાતે રાખવામાં આવેલા સન્માન સમારંભમાં સંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહીને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગોધરાની ઝકરીયા ઉર્દૂ પ્રા.શાળાની વિદ્યાર્થીની ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય નંબરે ઝળકી



ગોધરા, ઓમકાર એકેડેમી તરફથી આજ રોજ ધોરણ ૦૧થી ૦૮ના બાળકોની ચિત્રકામ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં ૫૦૦થી વધુ બાળકોમાંથી ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળાની ધોરણ ત્રણની ગોરા કરીમા લુકમાન દ્વિતીય નંબર મેળવી આપણા પગાર કેન્દ્ર તેમજ કલસ્ટર અને ઝકરીયા ઉર્દૂ પ્રાથમિક શાળાનું નામ રોશન કરેલ છે. તે બદલ શાળાના આચાર્ય મુહંમદ બંગલી, માર્ગદર્શક શિક્ષક, તેમજ શાળાના સ્ટાફ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી તાલુકાની ગરાડીયા પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાના વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શનના આયોજનનું ઉદ્ઘાટન માનનીય ધારાસભ્ય રમેશભાઈ કટારાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં આ.શિ. તડવી મોહનભાઈ એસ. અને બામાણિયા શૈલેષભાઈ કે.ના માર્ગદર્શન હેઠળ માંડલી કલસ્ટરની નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રા.શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રથમ વિભાગમાં પ્રથમ નંબર મેળવી શાળાનું અને પિછોડા ગામનું ગૌરવ વધાર્યું હતું.

# ઘોઘંબા ચાઠા ગામે રોડ ઉપર ફોર વ્હીલ ચાલક બાઈક સાથે રોડ સાઈડ ઉભેલ બે વ્યકિતને અડફેટમાં લઈ ઈજાઓ પહોંચાડી

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે રોડ ઉપરથી પસાર થતી ફોર વ્હીલ ચાલકે લઈ રોડ સાઈડે ઉભેલ વ્યકિતને અને ૧૬ વર્ષીય યુવકને અડફેટમાં લઈ ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે રોડ ઉપર થી પસાર થતી ફોર વ્હીલ નંબર જીજે.૧૭.એએચ.૪૨૯૦ નાચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી હંકારી લાવ્યો હતો અખને મોટર સાયકલ નં.જીજે. ૧૭.બીએચ.૮૮૩૮ પાસે રોડ સાઈડમાં ઉભેલ ચીમનભાઈ સુરસીંગભાઈ નાયકને અડફેટમાં લઈ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ મહેશભાઈ ગણપતભાઈ નાયક ઉ.વ.૧૬ને કમરના ભાગે તેમજ પગના ભાગે ઈજાઓ કરી બાઈકને નુકશાન કરી ફોર વ્હીલ સ્થળ ઉપર મુકી નાશી જતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.